**આજનો સુવિચાર**

સત્ય સુરજ
જેવું હોય છે એ
થોડીક વાર સંતાઈ
તો શકે છે પણ
એ રહે છે
હંમેશા માટે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૦૫ જૂનાગઢ તા.૧૦-૦૮-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 205, Junagadh : Date : 10 August, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ભારતમાં કંઈક મોટું થવાનું છે : હિંડનબર્ગની ચેતવણી

કેલિફોર્નિયા તા.૧૦


અમેરીકન શોર્ટ સેલિંગ ફર્મ હિંડનબર્ગ રિસર્ચે કહ્યું છે કે ભારતમાં ટૂંક સમયમાં કંઈક મોટું થવાનું છે. એક વર્ષ પહેલાં અદાણી ગ્રુપ પર મની લોન્ડરિંગ અને શેર્સની હેરાફેરીનો આરોપ લગાવ્યા બાદ હવે હિંડનબર્ગ રિસર્ચે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ પોસ્ટ કરી છે. આ પોસ્ટ દ્વારા હિંડનબર્ગે કેટલાક નવા ઘટસ્ફોટ વિશે સંકેત આપ્યો છે, જોકે તેણે કોઈ કંપનીનું નામ આપ્યું નથી. અદાણી ગ્રુપ સામે મની લોન્ડરિંગ, શેરની હેરાફેરી જેવા આરોપો કરવામાં આવ્યા હતા

૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ હિંડનબર્ગ રિસર્ચે અદાણી ગ્રુપ સંબંધિત એક અહેવાલ પ્રકાશિત કર્યો. રિપોર્ટ બાદ અદાણી ગ્રુપના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. જોકે બાદમાં રિકવરી થઈ હતી. આ અહેવાલના સંદર્ભમાં ભારતીય શેરબજાર નિયમનકાર સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ હિંડનબર્ગને ૪૬ પાનાંની કારણ બતાવો નોટિસ પણ મોકલી હતી.૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ પ્રકાશિત એક બ્લોગ પોસ્ટમાં હિંડનબર્ગ રિસર્ચએ જણાવ્યું હતું કે નોટિસ જણાવે છે કે તેમણે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. કંપનીએ કહ્યું, SEBIએ આરોપ લગાવ્યો છે કે હિંડનબર્ગના રિપોર્ટમાં વાચકોને ગુમરાહ કરવા માટે ખોટાં નિવેદન પણ સામેલ કરવામાં આવ્યાં છે. તેનો જવાબ આપતાં હિંડનબર્ગે SEBI પર જ અનેક પ્રકારના આરોપ લગાવ્યા હતા.

## બ્રાઝીલમાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત : ૬૨ના મોત

સાઓપાઉલો, તા.૧૦:

બ્રાઝિલના સાઓ પાઉલો રાજ્યના એક શહેરના રહેણાંક વિસ્તારમાં ૬૨ લોકોને લઈને જતું વિમાન ક્રેશ થયું હતું. એરલાઈન દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે



તમામ મુસાફરોના ઘટનાસ્થળે જ મોત થયા છે. આ પ્લેન સાઓ પાઉલોના ગુઆરુલોસ ઈન્ટરનેશનલ એરપોર્ટ માટે ઉડાન ભરી હતી. નિવેદન અનુસાર, પ્લેનમાં ૫૮ મુસાફરો અને ચાર ક્રૂ મેમ્બર સવાર હતા. જો કે વિમાન કેવી રીતે દુર્ઘટનાગ્રસ્ત થયું તે જાણી શકાયું નથી.

## બાંગ્લાદેશમાં અરાજકતાથી ગુજરાતના ઉદ્યોગોને ભારે ફટકો

અમદાવાદ તા.૧૦

બાંગ્લાદેશમાં હાલ અરાજકતા ફેલાઈ છે, જેને કારણે આપણા ભારતના મસાલા અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને ભારે ફટકો પડયો છે. ભારતનો બાંગ્લાદેશ સાથે ૧૬ બિલિયન ડોલરનો વેપાર છે. એમાં ૧૩થી ૧૪ બિલિયન ડોલરની વિવિધ વસ્તુઓ ભારતથી નિકાસ થાય છે, જ્યારે ફક્ત બે બિલિયન ડોલરની આયાત બાંગ્લાદેશથી કરવામાં આવે છે. આ સ્થિતિમાં ગુજરાતના મોટા ઉદ્યોગ-ધંધાઓ, જેમ કે ટેક્સટાઈલ અને મસાલા માર્કેટને સૌથી વધુ અસર થઈ છે. કાપડ અને મરી-મસાલાના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં મોખરે છે. ટેક્સટાઈલમાં ગુજરાતમાં સુરત મોખરે છે, આથી સુરતના ટેક્સટાઈલને ૫૦૦ કરોડનું અને મસાલામાં ૩૦૦૦ કરોડના ધંધાને અસર થાય એમ છે.

### સમાચાર રાઉન્ડઅપ

- આજે વિશ્વ સિંહ દિવસ : સાસણ સહિત ઠેર-ઠેર ભવ્ય ઉજવણી.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે કેરળની મુલાકાતે : વાયનાડના ભૂસ્ખલનગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરશે.
- દેશની બંધારણીય સંસ્થાઓ પર ગુજરાતી માફિયાઓનો કબ્જો : સાંસદ મહુઆ મોઈત્રાના નિવેદનથી વિવાદ.
- આજે સવારે ગાઝાની એક શાળા પર ઈઝરાયલે હવાઈ હુમલો કર્યો : ત્રણ રોકેટ ઝીંકયા, ૧૦૦ના મોત.
- વડાપ્રધાન મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર બે યુવાનોની રાજસ્થાનથી આઈબીએ ધરપક કરી.
- મોદી કેબીનેટે રૂા.૨૪,૬૫૭ કરોડના આઠ મોટા રેલ્વે પ્રોજેકટને મંજુરી આપી.
- ટ્રમ્પ પરથી વધુ એક ઘાત ટળી, વિમાનમાં અચાનક ખામી સર્જાઈ : ચમત્કારીક બચાવ.
- પીએફ ખાતામાં છેતરપીંડી રોકવા નિયમો વધુ કડક બનાવાયા.
- સુપ્રિમ કોર્ટ દ્વારા જામીન આપવાના પગલે મનીષ સિસોદીયા જેલમાંથી બહાર આવ્યા : આમ આદમી પાર્ટી દ્વારા જોરદાર ઉજવણી.


● હરકયુલિસ સાયકલ ● કોરાડો સાયકલ
● હીરો સાયકલ ● બ્રિટીશ ઈગલ સાયકલ
● બીએસએ સાયકલ ● ફન રાઈડ ટ્રાસીકલ
● વિકટર ૯૧ સાયકલ ● દાસ સાયકલ
● હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ધમાકા ઓફર... ધમાકા ઓફર... ધમાકા ઓફર...
SALE
Online ખરીદી કરતા પણ ફાયદો
8 % UPTO 38 % OFF
MAHER CREATION A/C.
Bachpan se Pachpan Tak
Mo :- 96387-85835
JENILI SHOPPING CENTER, JUNAGADH

ડો. પ્રતિક ટાંક
ઓર્થોપેડીક એન્ડ જલઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન





આયુષ્માન ભારત કાર્ડ હેઠળ જોઈન્ટ રીપ્લેસમેન્ટ ''તદન ફ્રી''

હાડકાનાં તમામ રોગોનું નિદાન અને યોગ્ય સારવાર
● જોઈન્ટ રીપ્લેસમેન્ટ - ઘુંટણના સાંધા તથા થાપાના ગોળા બદલવાના ઓપરેશન
● તમામ પ્રકારના ફ્રેકચરની સારવાર
● કમર, ગરદન, હાથ-પગમાં ખાલી ચડવી તથા સાયટીકા તમામ પ્રકારના 'વા', સ્નાયુનાં દુઃખાવા

થાપાના અને ગોઠણના સાંધા બદલ્યા બાદ દર્દી પલાઠી વાળીને બેસી શકે છે
● વાહન અકસ્માતમાં પ્રથમ ૪૮ કલાક માટે નિયત મફત સારવાર
● દરેક પ્રકારનાં ''હેલ્થ ઈન્સ્યુરન્સ'' કલેઈમમાં સારવાર ઉપલબ્ધ છે

વધુ માહિતી માટે સંપર્ક મો. ૯૫૧૦૯ ૧૫૫૦૨

ત્રિમૂર્તિ હોસ્પીટલ
બસસ્ટેશન પાસે, જૂનાગઢ - ૩૬૨૦૦૧.
૯૭૨૭૭ ૪૭૧૨૫




# જૂનાગઢની કાલરિયા પ્રાયમરી સ્કુલ(અંગેજી માધ્યમ)નાં વિદ્યાર્થીએ 'હેન્ડબોલ અન્ડર-૧૪' માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦ ગુજરાત સરકાર પ્રેરીત જીલ્લા કક્ષાનાં ૬૮માં શાળાકીય રમતોત્સવ ૨૦૨૪-૨૦૨૫માં જૂનાગઢ શહેરીય સ્તરે 'હેન્ડબોલ અન્ડર ૧૪' રમતમાં પટેલ કેળવણી મંડળ, જૂનાગઢ સંચાલિત આર.એસ. કાલરિયા પ્રાયમરી સ્કુલનાં અંગ્રેજી માધ્યમનાં વિદ્યાર્થી ભાઈઓ પ્રથમ ક્રમાંકે વિજેતા થયેલ હતા. આ સિધ્ધી બદલ સંસ્થાનાં પ્રમુખ CA સવજીભાઈ મેનપરા, વાઈસ મેનેજીંગ ટ્રસ્ટી રતિભાઈ મારડીયા, મંત્રી શિરિષભાઈ સાપરીયા, કિશોરભાઈ મેંદપરા, એકેડેમીક ઈન્ચાર્જ ડો. પી.આર. ગોધાણી, કેમ્પસ ડાયરેકટર ડો. દિનેશભાઈ ડઢાણીયા, એકેડેમીક ડેપ્યુટી ડાયરેકટર નિરજભાઈ વાછાણી, તેમજ સંસ્થાનાં પ્રિન્સીપાલ તેમજ સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધી બદલ તેઓને બિરદાવેલ તેમજ ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવેલ હતી.

# શ્રાવણ મહિનાના સોમવારનું મહત્વ

શ્રાવણ સુદ સાતમને સોમવાર તા.૧૨-૮-૨૪ના દિવસે બીજો સોમવાર છે. આખા વર્ષમાં શ્રાવણ મહિનામાં આવનાર સોમવારોનું મહત્વ વધારે હોય છે. મહાદેવજીએ ચંદ્રને મસ્તક ઉપર ધારણ કરેલ છે મહાદેવજી આભુષણમાં ચંદ્ર પણ છે. આથી જ મહાદેવજીને ચંદ્રમૌલી કહિએ છીએ અને ચંદ્રના આરાધ્ય દેવ મહાદેવજી છે. આમ ચંદ્રનો વાર સોમવાર છે. આથી શ્રાવણ મહિનાના સોમવારે મહાદેવજીની પૂજા ઉપાસનાનું મહત્વ વધી જાય છે. જે લોકોને માનસિક અશાંતિ હોય તેવા લોકોએ શ્રાવણ મહિનાના સોમવારે ઉપવાસ અથવા એકટાણું રહીને મહાદેવજીને દુધ અને સાકરવાળુ જળ ચડાવવાથી માનસિક શાંતિની પ્રાપ્તિ થાય છે. શિવ પુરાણમાં મહાદેવજીએ સનત્કુમારોને કહેલું સોમવાર એ મારૂ જ સ્વરૂપ છે સોમવારે મહાજેવજીની ઉપાસના પૂજા કરવાથી ધન વૈભવ અને સંતાનની પ્રાપ્તિ થાય છે. સોમવારે મહાદેવજીને ૧૧ બીલીપત્ર ચઢાવવાથી સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

સોમવારનું વ્રત કરી અને સાથે પંચાક્ષર મંત્ર ઓમ નમઃ શિવાયની ૩, ૫ અથવા ૧૧ માળા જરૂર કરવી આથી વ્રતનું પૂર્ણ ફળ મળે. જે લોકોની જન્મકુંડળીમાં ભંયકર કેમદ્રુમ યોગ થયો હોય શની ચંદ્રનો વિષયોગ હોય ચંદ્ર રાહુનો ગ્રહયોગ હોય તો શ્રાવણ મહિનાના સોમવારે મહાદેવજીની પૂજા વ્રત કરવાથી જરૂર રાહત થાય છે અને ચંદ્ર બળમાં વધારો થાય ખાસ કરીને વિદ્યાર્થીઓએ માનસિક સ્થિરતા માટે સોમવારે મહાદેવજીની પૂજા જરૂર કરવી જોઈએ.

- શાસ્ત્રી રાજદીપ જોષી

# ખંભાળિયાના જલારામ મંદિર અન્ન ક્ષેત્ર માટે રોટલી મશીન માટે સામાણી પરિવારનો આર્થિક સહયોગ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦ ખંભાળિયાના સુપ્રસિદ્ધ જલારામ બાપાના મંદિર ખાતે કોટડીયા નિવાસી શારદાબેન તુલસીદાસ સામાણીએ મુલાકાત લઈ, મંદિર દ્વારા ચાલતા અન્ન ક્ષેત્રમાં રોટલી બનાવવાના મશીન માટે સ્વ. તુલસીદાસ તથા સ્વ. માતૃશ્રી સંતોકબેન તુલસીદાસ સામાણીના સ્મરણાર્થે, રૂા.ત્રણ લાખથી વધુનું આર્થિક અનુદાન આપવામાં આવ્યું છે. આ સેવાકાર્યમાં અહીંના જાણીતા એડવોકેટ જયેશભાઈ નથવાણીએ દાતા શારદાબેન સામાણી સાથે રહી, જરૂરી સાથ સહયોગ આપ્યો હતો.

શહેરમાં સૌપ્રથમ રોટલી બનાવવાનું મશીન પૂ. જલારામ બાપા મંદિર અન્ન ક્ષેત્ર ખાતે પ્રસ્થાપિત થતાં સર્વે જલારામ ભકતોએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

આ કાર્યને સફળ બનાવવા જલારામ મંદિર ટ્રસ્ટના ઉપપ્રમુખ ભાવેશભાઈ વિઠલાણી, ટ્રેઝરર હિતેનભાઈ વિઠલાણી તેમજ કારોબારી સદસ્ય અને લોહાણા મિત્ર મંડળના પ્રમુખ પ્રફુલભાઈ દાસાણીની જહેમત બદલ સંસ્થાના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણીએ આવકારી સર્વેએ દાતા પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો. અન્ન ક્ષેત્રમાં દિન પ્રતિદિન વધતી જતી લાભાર્થીઓની સંખ્યાને કારણે આ રોટલી બનાવવાનું મશીન આશીર્વાદ રૂપ થઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોટડીયા નિવાસી શારદાબેન તુલસીદાસ સામાણી પરિવાર તરફથી જલારામ બાપાના મંદિર અન્નક્ષેત્રમાં નિયમિત રીતે આર્થિક અનુદાન મળતું રહે છે.


**ગાયત્રી યાત્રા સંઘ**

૨ X ૨ સ્લીપર
૩ X ૨ લકઝરી બસ
"સ્પે. જન્માષ્ટમી" પ્રવાસો
(૧) ઉત્તરભારત યાત્રા દિ. ૧૨
(૨) ગોવા મહાબળેશ્વર ઈમેજીકા, મુંબઈ દિ.૮
(૩) રોયલ રાજસ્થાન દિ.૮
(૪) નાશીક શીરડી, મુંબઈ દિ. ૬
(૫) ઉજ્જૈન ઓમકારેશ્વર પાવાગઢ દિ. ૫
(૬) કચ્છ પ્રવાસ દિ. ૩
(૭) સ્ટેચ્યુ ઓફ યુનીટી, પોઈચા, પાવાગઢ દિ. ૩
(૮) આબુ અંબાજી, ગાંધીનગર દિ. ૩
ચોકકસ ઉપડશે તા. ૨૪/૨૫ ઓગસ્ટ

હસુભાઈ ભટ્ટ
રાજકોટ
મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯


## વાજાણી અને પીએસઆઈ વચ્ચે મારામારી થઈ

# દારૂની છૂટની સાઈડ ઈફેક્ટ, ગિફ્ટ સિટીમાં ફોજદાર ઉપર હુમલો



ગાંધીનગર,તા.૧૦ પરમિટના આધારે દારૂ પીવાની છૂટ છે તેવી ગિફ્ટ સિટી ક્લબમાં સીઆઈડી ક્રાઈમના પીએસઆઈને એક નશાની આદત ધરાવતા મુંબઈના વેપારીએ માર મારતા હાથ અને પાંસળીઓ ભાગી ગઈ હોવાની ઘટના બની હતી. કોલ સેન્ટરનો આરોપી ગિફ્ટ સિટી ક્લબના એક રૂમમાં સંતાયો હોવાની બાતમીના આધારે સીઆઈડી ક્રાઈમની ટીમે દરોડો પાડ્યો હતો.

પરંતુ ત્યાંથી મુંબઈનો વેપારી મળી આવ્યો હતો જેની પાસેથી ૨ ગ્રામ ગાંજો મળી આવતાં અને મારામારી કરવાના ગુના હેઠળ તેની ધરપકડ કરાઈ હતી.

ગિફ્ટ સિટી ક્લબના છઠ્ઠા માળે આવેલા રૂમ નં.૬૩૩માં કોલ સેન્ટર ચાલતું હોવાની અને તેને મુંબઈનો ધવલ રમેશ વાજાણી નામનો શખ્સ ચલાવતો હોવાની બાતમીના આધારે સીઆઈડી ક્રાઈમના પીએસઆઈ આર.જે. વાળા ટીમ સાથે પહોંચી દરોડો પાડ્યો હતો. પરંતુ તપાસમાં કોલસેન્ટરના કોઈ સાધનો કે પુરાવા મળ્યા નહતા. જોકે, નશાની આદત ધરાવતો હોવાથી તેની બેગમાંથી ૨ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. સીઆઈડીના દરોડા વખતે વાજાણી અને પીએસઆઈ વચ્ચે મારામારી થઈ હતી.

જેમાં વાળાને હાથ અને પાંસળીના ભાગે ઈજાઓ થઈ હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ગાંજો અમદાવાદથી નરેન્દ્ર પ્રેમસિંહ ગુર્જર નામના શખ્સ પાસેથી ખરીદ્યો હોવાની માહિતી મળતાં તેની શોધખોળ કરવામાં આવી હતી. પરંતુ તે મળી આવ્યો ન હતો.

ગિફ્ટ સિટી ક્લબના છઠા માળે આવેલા રૂમમાં કોલસેન્ટરનો આરોપી સંતાયો છે તેવી બાતમીના આધારે દરોડા પાડવા ગયેલી સીઆઈડી ક્રાઈમની ટીમના પીએસઆઈને નશાખોર વ્યક્તિ મળી આવ્યો ત્યારબાદ સીઆઈડી ક્રાઈમે રૂમમાં રહેલી બેગની તપાસ કરી તો ૨ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.

ગિફ્ટ સિટી ક્લબના છઠા માળના રૂમ નંબર- ૬૩૩ દરોડા પડ્યા ત્યારે મુંબઈનો રહેવાસી ધવલ રાજેશ વાજાણી અને પીએસઆઈ આર.જે વાળા વચ્ચે છૂટા હાથની મારમારી થઈ હતી, જેમાં સીઆઈડી ક્રાઈમના પીએસઆઈને હાથમાં તથા પાંસળીઓમાં ગંભીર ઈજાઓ પહોંચતા પોલીસકર્મીને આઉટ ડોર સારવાર લેવાની ફરજ પડી હતી. આ મામલે સીઆઈડી ક્રાઈમે ૨ ગ્રામ ગાંજાનો કેસ તથા પોલીસકર્મી પર હુમલાનો ગુનો નોંધીને ધવલ રાજેશ વાજાણીની ધરપકડ કરીને કામગીરી કરી હોવાનો સંતોષ મેળવ્યો છે.

તદ્દુપરાંત ગાંજો લાવી આપનાર અમદાવાદના રહેવાસી નરેન્દ્ર પ્રેમસિંહ ગુર્જર સીઆઈડી ક્રાઈમને હાથતાળી આપીને ફરાર થઈ ગયો છે.


**ગાયત્રી યાત્રા સંઘ**

રેલ્વે + બસથી
(૧) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર દિ. ૧૫
(૨) બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર, મથુરા દિ. ૨૦
ઉપડશે તા. ૧૦-૯ અને તા. ૧૩-૯

હસુભાઈ ભટ્ટ
રાજકોટ
મો. ૯૪૦૯૨ ૬૩૯૩૯

**લોખંડનાં ઘોડા જોઈએ છે**

૬ ફુટ ઉંચાઈવાળા લોખંડનાં ઘોડા જોઈએ છે
મો. ૯૭૨૪૯ ૭૭૫૫૧

**ભેળસેળ સાબિત કરનારને ઈનામ ૧ લાખ**

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-

૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૫૮૦/-
ગાયનું ઘી રૂા. ૬૨૦/-

મલાઈવાળું દહીં, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ

શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. મો.નં.૯૮૨૫૧ ૬૭૦૦૮


# હરિયાણામાં સોનીપતના મુરથલ સ્થિત દીનબંધુ છોટુરામ યુનિવર્સિટી ખાતે પ્રાકૃતિક કૃષિ સંવાદ કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતો સાથે કર્યો સીધો સંવાદ

**આવનારી પેઢીઓ માટે શુદ્ધ પાણી, ખોરાક અને હવા બચાવવા માટે ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી**




(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૧૦ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, આજે આપણે ઉત્પાદન વધારવાના લોભમાં ખેતરોમાં અંધાધૂંધી ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ કરી રહ્યા છીએ. જેના કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને કેન્સર, ડાયાબિટીસ અને હૃદયરોગ જેવી સમસ્યાઓ વધી રહી છે. આવી સ્થિતિમાં જો આપણે આવનારી પેઢીઓને શુદ્ધ પાણી, ખોરાક અને હવા પ્રદાન કરવી હશે, તો પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી મુરથલ સ્થિત દીનબંધુ છોટૂરામ વિજ્ઞાન અને ટેકનોલોજી યુનિવર્સિટી ખાતે 'પ્રાકૃતિક ખેતી સંવાદ' કાર્યક્રમમાં ખેડૂતો સાથે સંવાદ કરી રહ્યા હતા. ખેડૂતોને સંબોધતા તેમણે કહ્યું કે, કેન્દ્ર સરકાર પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ પ્રયત્નશીલ છે. તેમણે જણાવ્યું કે, ગત દિવસોમાં દિલ્હીમાં યોજાયેલા દેશભરના રાજ્યપાલોના સંમેલન દરમ્યાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પ્રાકૃતિક ખેતીને સમગ્ર દેશમાં પ્રોત્સાહન આપવા માટે નીતિ આયોગને કાર્યયોજના તૈયાર કરવા માટે સૂચનાઓ આપી છે. રાજ્યપાલએ જણાવ્યું કે, ખેડૂતોને લાગે છે કે પ્રાકૃતિક ખેતીથી નુકસાન થશે, પરંતુ એવું નથી. આજે હરિયાણાના ઘણા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે અને તેમને તેના ફાયદા પણ મળી રહ્યા છે. જ્યાં રસાયણિક ખાતરો અને જંતુનાશકોનો વધુ ઉપયોગ થાય છે ત્યાં કેન્સરના ત્રણગણા વધુ કેસો સામે આવ્યા છે અને ભવિષ્યમાં આ વધશે. લોકોનું સાવધાન કરતાં તેમણે જણાવ્યું કે, આજે આપણે ખેત ઉત્પાદનના નામે ઝેર ખાઈ રહ્યા છીએ. આવી સ્થિતિમાં આગામી પેઢીઓના રક્ષણ અને સારા સ્વાસ્થ્ય માટે આપણે પ્રાકૃતિક ખેતી અપનાવવી પડશે. આ અવસરે ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સંકુલમાં 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ પણ કર્યું હતું.

# આત્યહત્યા કરવા જનાર મહિલાને બચાવી તેમના પરીવાર સાથે સુ:ખદ મિલન કરાવી નવું જીવન અપાવતી પ્રભાસ પાટણ પોલીસ


(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૦ જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેષ જાંજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહજાડેજા તથા નાયબ પોલીસ અધીક્ષક વી.આર.ખેંગાર વેરાવળ વિભાગ વેરાવળનાઓના માર્ગદર્શન મુજબ પ્ર.પાટણ પો.ઈન્સ. એમ.વી પટેલ દ્વારા સુચના થઈ આવેલ કે, અત્રેના પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ખાતે આવેલ સોમનાથ મંદિર ખાતે તેમજ ત્રીવેણી સંગમ ખાતે તેમજ લેન્ડીંગ પોઈન્ટ તથા વોકવે ખાતે સમૃદ્ર દર્શન માટે વધુ પ્રમાણમાં યાત્રાળુઓ આવતા હોય અને કોઈ અનીચ્છનીય બનાવ ન બને તે સારૂ શ્રાવણમાસ સબબ વિશેષ તકેદારી રાખવા જણાવેલ હોય જે અન્વયે પો.કોન્સ શૈલેષભાઈ પ્રતાપભાઈ નોકરી-સુત્રાપાડા પો.સ્ટે. નાઓ શ્રાવણ માસ સબબ બંદોબસ્તમાં હતા દરમ્યાન વોક-વે પાસે આવેલ ચોપાટી દરિયા કિનારા પાસે પહોંચી જઈ જોતા એક મહિલા આત્મહત્યાનો પ્રયાસ કરતા જોવામાં આવતા તાત્કાલીક હાજર પબ્લીકના માણસોની મદદ લઈ મહિલાને દરીયામાંથી બહાર કાઢવા તજવીજ ચાલુ કરી પ્ર. પાટણ પો.સ્ટે. ખાતે જાણ કરતા પો.કોન્સ. પિયુષભાઈ કાનાભાઈ તથા વુ.પો.કોન્સ. હેતલબેન મનહરદાસ તથા ડ્રા.પો.કો. પિયુષભાઈ દિલીપભાઈ પી.સી.આર.વાન સાથે તાત્કાલીક પહોંચી જઈ સદર મહિલાને બચાવી લઈ પ્ર.પાટણ પો.સ્ટે. લાવી પુછપરછ કરતા પોતાનું નામ રામબાઈબેન કાનજીભાઈ પારેડી રહે.તરસીંગડા ગામ જૂનાગઢ વાળાઓ હોવાનું જણાવેલ અને પોતે એકલવાયું જીવન જીવતા હોય જેથી કંટાળી જઈ આ પગલુ ભરવા જઈ રહેલ હોવાનું જણાવતા પી.આઈ. એમ.વી. પટેલ તથા એ.એસ.આઈ. નંદલાલભાઈ નાનજીભાઈ તથા પો.હેડ.કોન્સ. ફુલદિપસિંહ જયસિંહ તથા પી.એસ.ઓ.લખમણભાઈ માલાભાઈનાઓએ જરૂરી સમજ આપી તેમના પરીવારના સભ્યોને બોલાવી લઈ તેમના પરીવાર સાથે સુઃખદ મીલન કરાવી આપી પ્રશંસનીય કામગીરી કરી હતી.


**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

ટચુકડી જાહેરાત દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો



ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
પવિત્ર શ્રાવણ માસ...
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ગાયનું તાજુ ઘી તથા ભેંસનું શુધ્ધ ઘી લેબોરેટરી ટેસ્ટ મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
**જલારામ પાણીપુરી**
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

બેકરીની બધી જ આઈટમ ઘઉંમાં મળશે સ્પે. પંજાબી પફ મળશે આઈસ કેકનાં સ્પેશ્યાલીસ્ટ
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીવન આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# જૂનાગઢ જીલ્લાના રેશનકાર્ડ ધારકોને ઇ-કેવાયસી પ્રક્રિયા કરવા અનુરોધ

જૂનાગઢ, તા.૧૦

સમગ્ર રાજયમાં જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત વ્યાજબી ભાવની દુકાનેથી વિતરણ કરવામાં આવે છે. આ અનાજનું ગેરકાયદેસર વેચાણ, સગેવગે, ખોટા આધાર સીડીંગ તથા થમ્બ ઈમેજથી કરવામાં આવતા અનઅધિકૃત્ત વિતરણ રોકવા માટે લાભાર્થીઓનું e-KYC થાય તે આવશ્યક છે. રાજયની તમામ વ્યાજબી ભાવની દુકાનો સાથે રેશનકાર્ડ ધારકોનું ૧૦૦% face e-KYC કરવાનું છે. APL, BPL, AAY એમ તમામ પ્રકારના રેશનકાર્ડ ધારકોએ પોતાના કાર્ડ કાર્યરત કરવા અનુરોધ છે. "MY RATION" એપ્લિકેશન મારફતે face e-KYCની કાર્યવાહી પૂર્ણ કરવી. રેશનકાર્ડ ધારકે face e-KYC કાર્યવાહી કરવા માટે પ્રથમ તેમના રેશનકાર્ડમાં તેમનો આધાર નંબર સીડ થયેલો હોવો જરૂરી છે ત્યારબાદ જ " MY RATION " એપ્લિકેશન મારફતે face e-KYC થઈ શકે છે. જો રેશનકાર્ડમાં આધાર નંબર સીડ થયેલ ન હોય તો તે રેશનકાર્ડ ધારકે તેમને લાગુ પડતી તાલુકા મામલતદાર કચેરીની પુરવઠા શાખામાં આ કાર્યવાહી પૂર્ણ કરવી. રેશનકાર્ડમાં આધાર નંબર સીડ થઈ ગયા બાદ "MY RATION" એપ્લિકેશન ડાઉનલોડ કરી આધાર નંબર સાથે લીક થયેલ મોબાઈલ નંબર ની વિગત સાથે રજિસ્ટ્રેશન કરવું. "MY RATION " એપ્લિકેશન ઉપર રજિસ્ટ્રેશન થઈ ગયા બાદ આધાર e-KYC "મેનુ સિલેકટ કરવું. આ મેનુ સિલેકટ થયેથી "AadhaarFaceRd" એપ્લિકેશન ડાઉનલોડ કરવી. ત્યારબાદ "કાર્ડની વિગતો મેળવો" અંગેનું ઓપ્શન સિલેકટ કર્યેથી રેશનકાર્ડનો સંપૂર્ણ નંબર અને આધાર કાર્ડના છેલ્લા ૪ અંકનો નંબર દાખલ કરવાનો રહેશે. ત્યારબાદ રેશનકાર્ડની વિગતોની સંમતિ આપી "આધાર ઓટીપી જનરેટ કરો" સિલેકટ કરવું. ત્યારબાદ મોબાઈલ નંબર ઉપર ઓટીપી આવશે. ઓટીપી નંબર સબમીટ કરવું. આ પ્રોસેસ પૂર્ણ થયેથી રેશનકાર્ડ લીક થયાનો મેસેજ આવી જશે. રેશનકાર્ડ લીક થયા બાદ ૧૫ થી ૨૦ મીનીટ વિત્યા બાદ ફરીથી " MY RATION " એપ્લિકેશન ઓપન કરી "આધાર e-KYC " મેનુ ખોલવામાં આવશે ત્યારે લીંક થયેલ રેશનકાર્ડ નંબર આવી જશે. સ્કિન પર દર્શાવવામાં આવેલા કોડ દાખલ કરી "કાર્ડના સભ્યોની વિગતો મેળવો(સ્ટેપ-૧)" સિલેકટ કર્યેથી તમામ સભ્યોની વિગતો આવશે. આધાર e-KYC માટે જે-તે સભ્યને પસંદ કરી "આ સભ્યમાં આધાર e-KYC કરો (સ્ટેપ-૨)" સિલેકટ કરવું, તે સંમતિ આપી "ઓટીપી જનરેટ કરો (સ્ટેપ-૩)" પસંદ કરવો, રજિસ્ટર થયેલ મોબાઈલ નંબર ઉપર આધાર ઓટીપી આવશે. ઓટીપી દાખલ કરી "ઓટીપી ચકાસો (સ્ટેપ-૪)" સિલેકટ કરવું, ત્યારબાદ "AadhaarfaceRd" એપ્લિકેશનને ફોટો અને વિડિયો રેકર્ડ કરવા અંગેની "While using the app"ની સંમતિ આપવી. મોબાઈલ કેમેરાથી જે તે કાર્ડધારકનો ફોટો કેપ્ચર થશે અને ફોટો કેપ્ચર થયેથી અને સંમતિ આપ્યેથી "મંજૂરી માટે વિગતો મોકલો" પસંદ કરવું. ત્યારબાદ "Request sent to concern supply office for approval" ની વિગતોનો સ્કિન ઉપર મેસેજ આવશે, આમ ઉપર મુજબની સ્ટેપ બાય સ્ટેપ પ્રોસેસ અનુસર્યેથી face e-KYC પૂર્ણ થશે. આથી જૂનાગઢ જિલ્લાના રેશનકાર્ડ ધારકોને ઈ-કેવાયસી કરવા જૂનાગઢ જિલ્લા પુરવઠા અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

### પ્રાકૃતિક કૃષિ પેદાશોના માર્કેટિંગ અને વેંચાણ માટે વિવિધ રીત

# કુદરતે કૃષિ સંસ્કૃતિમાં સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરી છે આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ

**પ્રાકૃતિક ખેત ઉત્પાદનના માર્કેટિંગ માટેની વિવિધ રીતોની મદદથી ખેડૂતો ખેત પેદાશોના પોષણક્ષમ સારા ભાવો પ્રાપ્ત કરી શકે : ઓનલાઈન માર્કેટિંગ (ઈ-કોમર્સ) માધ્યમથી માર્કેટિંગ સહ વેચાણના વિકલ્પો**

જૂનાગઢ, તા.૧૦

કુદરતે કૃષિ સંસ્કૃતિમાં એક સંકલિત શૃંખલા અને ઈકો સિસ્ટમની રચના કરી છે, આ કુદરતી વ્યવસ્થા એટલે પ્રાકૃતિક કૃષિ. પ્રાકૃતિક કૃષિમાં કૃત્રિમ ખાતર અને કૃત્રિમ જંતુનાશકોનો ઉપયોગ કરવામાં આવતો નથી. પ્રાકૃતિક કૃષિ એ ગૌ આધારિત કૃષિ છે. સમગ્ર ગુજરાતમાં જગતના તાત એવાં ખેડૂતો હવે પરંપરાગત કૃષિથી પ્રાકૃતિક કૃષિ તરફ આગળ વધી રહ્યા છે.એક અંદાજ મુજબ અમરેલી જિલ્લાના ૩૧,૯૮૧ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે અને ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે. પ્રાકૃતિક ખેત પેદાશનું માર્કેટિંગ કેવી રીતે થાય ? અથવા તો કેવી રીતે કરી શકાય ? જો નહીં ? તો ચલો જાણકારી પ્રાપ્ત કરીએ.સૌ પ્રથમ તો પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોએ પોતાની પ્રાકૃતિક કૃષિ પેદાશ માટે અને પ્રાકૃતિક કૃષિ માટે સર્ટિફિકેશનની પ્રક્રિયામાંથી પસાર થવાનું છે. માન્યતા પ્રાપ્ત પ્રાકૃતિક કૃષિ પેદાશનું માર્કેટિંગ કરવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિ દ્વારા પકવવામાં આવેલ ખેત પેદાશોની ગુણવત્તા સારી હોવાના કારણે બજારમાં તેમના સારા ભાવો મળે છે. પ્રાકૃતિક ખેત ઉત્પાદનના માર્કેટિંગ માટેની વિવિધ રીતો છે. આવો એ વિષયક જાણકારી પ્રાપ્ત કરીએ.

૧) વ્યક્તિગત માર્કેટિંગ : પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે આ રીતે સરળ છે. વ્હોટ્સ એપ અથવા સ્થાનિક ચેલિફોન નેટવર્ક્સ જેવા પ્લેટફોર્મ્સ દ્વારા ગ્રાહક જૂથો બનાવી શકાય છે. એ ગ્રાહકોની માંગ મુજબ પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ સીધા જ ગ્રાહકોને કરી શકાય છે.

૨) નવીન માર્કેટિંગ પ્લેટફોર્મ્સ : પ્રાકૃતિક ખેત પેદાશોના ઉપયોગ માટે ગ્રાહકોને આકર્ષી શકાય છે. સામાન્ય સ્થાનો, રસ્તાની બાજુઓ, ઓફિસો, ટ્રાન્સપોર્ટેશન હબ પર પોર્ટેબલ કેનોપીઝ સેટ કરીને ગ્રાહકોનું ધ્યાન આકર્ષી શકા છે. માર્કેટિંગની આ પદ્ધતિ દ્વારા પ્રાકૃતિક ખેતી કરતાં પ્રગતિશીલ ખેડૂતો પોતાની પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ વધારી શકે છે.

૩) કેપ્ટિવ આઉટલેટ્સ : જિલ્લા અને બ્લોક હેડક્વાર્ટર, રસ્તાની બાજુઓ વગેરે પર આઉટલેટ્સ સ્થાપવાથી વિવિધ ખેડૂતો અથવા ઉત્પાદક સંગઠનો (FPO) પાસેથી એકત્ર કરાયેલ વધારાની પેદાશો વેચવામાં મદદ મળી શકે છે.

૪) ઓનલાઈન માર્કેટિંગ (ઈ-કોમર્સ) : બજાર વ્યવસ્થામાં ઘણા પરિવર્તન છે. એમેઝોન, ફલીપકાર્ટ જેવા વિવિધ પ્લેટફોર્મ્સ ધૂમ મચાવી રહ્યા છે. ઈ-કોમર્સ એક બિઝનેસ તરીકે વિકસ્યું છે. પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો ખેત પેદાશોનું ગ્રાહકોને સીધું માર્કેટિંગ અને વેચાણ કરવા માટે ઈ-કોમર્સ પ્લેટફોર્મ બનાવી શકે છે. પ્રોડક્ટના વેચાણ માટે આ રીત અત્યારના સમયને ધ્યાનમાં રાખીને સૌથી વધુ અનુરુપ છે.

૫) ઓફલાઈન શોપ્સના માધ્યમથી માર્કિટિંગ સહ વેચાણ : વ્યૂહાત્મક સ્થળોએ કેનોપીઝ, કેપ્ટિવ આઉટલેટ્સ સાથે દુકાનોનો ઉપયોગ ગ્રાહકો સાથે સીધા જોડાણ માટે મહત્વનો વિકલ્પ સાબિત થઈ શકે છે. ગ્રાહકોને સીધા જ જોડી શકાય છે. માર્કેટિંગની આ રીતની મદદથી પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂતો ઉત્પાદનની વિશિષ્ટતાને પ્રોત્સાહન આપી શકે છે.

# ડોળાસા નજીકના સોનપરા ગામે નદી ઉપર પુલના અભાવે સામે કાંઠે વસતા સીતેર ખેડૂત પરિવારો અને શાળા ભણતા બાળકોની યાતના ભરી જિંદગી

(નિરવ ગઢીયા દ્વારા)

ડોળાસા, તા.૧૦



ડોળાસા નજીક ના સોનપરા ગામે થી પસાર થતી ચંદ્રભાગા નદી ઉપર પુલ ન હોવાના કારણે આ નદીના સામા કિનારે વસવાટ કરતા સીતેર થી વધુ પરિવારો કેડ કેડ પાણીમાં ઉતરી ગામમાં જાય છે તો શાળામાં ભણતા નાના નાના બાળકોને તો કેડ પાણીમાં ઉતરી બાળકોના વાલીઓ શાળાએ મૂકવા જવા પડે છે. ગીરગઢડા તાલુકાના સોનપરા અને બોડીદર ગામના સીતેરથી વધુ ખેડૂતો અહીની ચંદ્રભાગા નદીના સામાં કાંઠે ખેતીના વ્યવસાયમાં વધુ ધ્યાન આપી શકાય તે હેતુથી પરિવાર સાથે વસવાટ કરે છે. વાડીએ ભલે રહેણાક હોય તો પણ ખેડૂતો ને દિવસ દરમ્યાન ત્રણથી ચાર વાર ગામમાં તો જવુ જ પડે છે અને તેના માટે દરેક ખેડૂતે કેડ કેડ પાણીમાં ઉતરીને જવું પડે છે. અંહી ખેડૂતો ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ કરે છે અને સવારે દૂધ ડેરી સુધી પહોચાડવા આ નદીના ત્રણ ફૂટ પાણીમાંથી પસાર થવું પડે તો સવારના દસ વાગ્યે બાળકોને નિશાળે મૂકવા જવા પણ અહીથી પસાર થવું પડે ! નાના બાળકોને તો ખંભે બેસાડીને નદી પાર કરવી પડે છે. પાંચ વાગ્યે ફરી બાળકોને લેવા જવા પડે છે. વળી સાંજે પણ દૂધ આપવા જેવું પડે, આમ ખેડૂતો નદીમાંથી પસાર થવામાં પોતાનો સમય વ્યય કરે છે અને જીવનું જોખમ પણ રહે છે. આ વિસ્તારના ખેડૂતો રોજનું પાંચસો લીટરથી વધુ દૂધ ઉત્પાદન કરે છે. જ્યારે નદીમાં વધુ પાણી હોય ત્યારે પાણીમાં ઉતરી શકાતું નથી જેના કારણે દૂધ આપવા જઈ શકાતું નથી જેથી આર્થિક નુકશાની પણ ભોગવવી પડે છે અને બાળકો શાળાએ જઈ શક્તા ન જોવાથી અભ્યાસ પણ બગડે છે. દેશ આઝાદ થયો તેને પોણી સદી થઈ ગઈ પણ આ ખેડૂતોને આજ દિન સુધી યાતનામાંથી આઝાદી મળે નથી..! આ વિસ્તારના ખેડૂતોએ અવાર નવાર અહી પુલ બનાવવાની માંગણી કરતા રહ્યા છે પણ કોઈ અધિકારી કે પ્રજાના પ્રતિનિધિ ખેડૂતોની વેદનાને સમજી શક્યા નથી. નસીબનો દોષમાની આ ખેડૂતો જિંદગીના દિવસો વિતાવે છે.

આ વિસ્તારના ખેડૂતો વિનંતીના સૂરમાં જણાવે છે કે કોઈને આ નાના નાના ભૂલકાઓની પણ દયા આવતી નથી ? આ નદી ઉપર પુલ કમ ડેમ ( કોઝવે ) બનાવવામાં આવે તો પાણીનો પણ વિશાળ જથ્થો રોકી શકાશે. ઉપરોક્ત બાબતે દુદાભાઈ બાલુભાઈ ડોડીયા એ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી અહીં સત્વરે કોજવે બનાવવા માંગ કરી છે.

# બેન્કીંગ સેકટરમાં કારકિર્દી વિશેની તકો ઉપર વ્યાખ્યાન યોજાયું

જૂનાગઢ, તા.૧૦



બેન્કીંગ સેકટરમાં રહેલી કારકિર્દી વિશેની તકો વિષય પર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો) ચેતન ત્રિવેદીનાં માર્ગદર્શન તળે માર્ગદર્શન સેમિનાર ઓનલાઈન મોડથી યુનિ.નાં છાત્રો અને કોમર્સ ક્ષેત્રે કારકિર્દી ઘડવા ઈચ્છુક યુવા વિદ્યાર્થીઓને જોડીને યોજવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં વ્યાખ્યાન નિષ્ણાંત દિપાલી દસાણી જેવો બિઝનેસ એસોસિએટ તરીકે ન્યૂયોર્ક અમેરિકામાં ફરજ બજાવી રહ્યા છે, તેણીએ ઓનલાઈન મોડથી ઉપસ્થિત રહી, કારકિર્દી ઘડવા ઈચ્છુક વિદ્યાર્થીઓને જણાવ્યું હતુ કે, કોમર્સ અને મેનેજમેન્ટ ક્ષેત્ર ઉજળી કારકિર્દી ધરાવતુ ફલક છે. સુશ્રી દાસાણીને બેન્કીંગ સેકટરમાં સેવાનો ભારતમાં દસ વર્ષ નો બહોળો અનૂભવ રહ્યો છે. સુશ્રી દિપાલી દાસાણીએ બેક્કિંગ સેકટરમાં રહેલા વિવિધ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો, બેક્કિંગ સેવામા ભરતી પ્રક્રિયા સંલગ્ન સંસ્થાઓ જેવી કે આઈ.બી.પી.એસ., નાબાર્ડ બેંક, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, એસ.આઈ. ડી.બી.આઈ., વગેરે દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષેની વિસ્તૃત માહિતી આપી હતી તેમજ અલગ અલગ બેંકની પરીક્ષામાં અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિઓ અને યોગ્ય સમયે યોગ્ય જવાબ અંગે જુદા જુદા પ્રકારની ટેકનીકો બતાવવામાં આવી હતી . સુશ્રી દિપાલી દાસાણીએ તેમના બેંકિંગ સેવાક્ષેત્રના અનુભવો શેર કર્યા હતા. બેન્કીંગ સેકટરમાં ભરતી થવા ઈચ્છુક યુવા વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ કરવામાં આવ્યું હતું. કોમર્સ ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ પ્રો.(ડો.ભાવસિંહ ડોડીયાએ સાંપ્રત સમયમાં કોમર્સ અને મેનેજમેન્ટ ક્ષેત્રમા ઉજ્જવળ કારકિર્દી માટે યુવાનોને મળતી તકો અને કોમર્સ ક્ષેત્રે ઉજળા ભાવી વિશે જાણકારી આપી હતી.

# સુત્રાપાડા તાલુકાનાં લોઢવા મુકામે તિરંગા યાત્રા યોજાઈ



(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૧૦

સુત્રાપાડા તાલુકાના લોઢવા ગામે કન્યા શાળા થી લોઢવા ગામના ચોક સુધી તિરંગા યાત્રા યોજાઈ હતી, આ તકે તિરંગા યાત્રા માં ઉપસ્થિત શ્રી ભાવસિંગભાઈ પરમાર (તાલુકા વિકાસ અધિકારી સુત્રાપાડા) મલેક સાહેબ(કેનીશ્રી) ચાવડાભાઈ, હીરાભાઈ વાઢેર (સરપંચ શ્રી લોઢવા ગ્રામ પંચાયત), જદાવભાઈ ભોળા (જિલ્લા પંચાયત સદસ્ય શ્રી)કચરાભાઈ બાંભણીયા (ઉપ સરપંચ લોઢવા ગ્રામ પંચાયત) મેરૂભાઈ વાળા,(પોલીસ) પરેશભાઈ વાળા (આચાર્ય શ્રી કન્યા શાળા લોઢવા),વિપુલભાઈ નાઘેરા, (તલાટી કમ મંત્રી) રામ ગોવિંદભાઈ (આચાર્ય લોઢવા પે.સે શાળા),દેવસીભાઈ વાઢેર, (યુવા ભાજપ પ્રમુખ) તેમજ સુત્રાપાડા તાલુકા પંચાયત સ્ટાફ, કન્યા શાળા સ્ટાફ,લોઢવા પે.સે.શાળા સ્ટાફ, આંગણવાડી બહેનો,આશા વર્કર બહેનો, લોઢવા આરોગ્ય કેન્દ્ર સ્ટાફ,તેમજ સુત્રાપાડા પોલિસ સ્ટાફ ગામના આગેવાનો, યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# અદાણી ફાઉન્ડેશનને વૃક્ષારોપણના સમર્પિત પ્રયાસો બદલ 'વનપંડિત એવોર્ડ' એનાયત

## ૧,૭૦,૦૦૦થી વધુવૃક્ષારોપણ કર્યું, રાજ્યમાં પ્રથમ એવોર્ડ વિજેતા




અમદાવાદ, તા.૧૦

રાજ્યમાં સૌથીવધુ વૃક્ષારોપણ બદલ અદાણી ફાઉન્ડેશનને વન પંડિત પુરસ્કારથી નવાજવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા ખાતે આયોજીત વન મહોત્સવ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે વનપંડિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. ૧,૭૦,૦૦૦થી વધુવૃક્ષોનું વાવેતર કરી અદાણી ફાઉન્ડેશન રાજ્યમાં પ્રથમ એવોર્ડ વિજેતા બન્યું છે. અદાણી ફાઉન્ડેશનની ૨૦૨૨-૨૩ની વનીકરણની ઉત્કૃષ્ટ કામગીરીને ગુજરાત સરકાર દ્વારા બિરદાવવામાં આવી છે. ચાલુ વર્ષે અદાણી ફાઉન્ડેશન ૨૮ વર્ષનીસફર ગૌરવભેર પૂર્ણ કરી રહ્યું છે. વનપંડિત પુરસ્કારથી અદાણી ફાઉન્ડેશનના સામાજીક વનીકરણના અભિયાનને વધુ વેગવાન બનાવવા પ્રોત્સાહન મળ્યું છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા વધુમાં વધુ વૃક્ષો વાવવા, વૃક્ષો કપાતા અટકાવવા, લુપ્ત થતી પ્રજાતિઓનો બચાવ, ફળાઉ અને ઔષધીય રોપાઓનું વિતરણ, ગ્લોબલ વોર્મિંગ અંગે લોકોને જાગૃત કરવા જેવા અનેક પ્રયાસો થઈ રહ્યા છે. પર્યાવરણ પ્રત્યેની સમર્પિત પ્રતિબદ્ધતાને સાર્થક કરતા અદાણી ફાઉન્ડેશનેપર્યાવરણ સંરક્ષણ મામલે અનેક સિદ્ધિઓ હાંસલ કરી છે. ગુરૂવારે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત આયોજીત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ''જનેતાના નામે એક-એક વૃક્ષ વાવીને આપણા સૌની માતા ધરતી માતાને હરિયાળી બનાવીએ. આ વર્ષે માર્ચ સુધીમાં ગુજરાત રાજ્યનું ૧૭ કરોડ વૃક્ષો વાવવાનું લક્ષ્યાંક છે.'' વૃક્ષારોપણ અભિયાનનીશરૂઆત મુંદ્રા તાલુકાના ધાર્મિક સ્થળો, શાળા-પ્રાંગણો જેવા જાહેરસ્થાનો ઉપર ૫૦,૦૦૦ જેટલા વૃક્ષોના વાવેતરથી થઈ હતી.૨૦૨૦-૨૦૨૧માંનાનાકપાયા ખાતે લોકભાગીદારીથી અનોખી યોજનાની શરૂઆત થઈ,જેમાં ઔષધીયગુણો ધરાવતી ૪૦ જેટલી પ્રજાતિઓના ૬૦૦૦ વૃક્ષો વાવીને ઘનિષ્ઠ જંગલ બનાવવામાં સફળતા મેળવી. પ્રકૃતિપ્રેમના આ કાર્યને આગળ ધપાવતા ફાઉન્ડેશન દ્વારા ૫૭૦૦૦ નવા વૃક્ષોના વાવેતરનુંકાર્ય ચાલી રહ્યુંછે. અદાણી ફાઉન્ડેશન દ્વારા માત્ર વૃક્ષોનું વાવેતર જનહીં પણ તેના ઉછેરની જવાબદારીનું કામ પણ ચાલી રહ્યું છે. ૨૦૨૨માં મોટી ભુજપુર ખાતે ૨૫,૦૦૦ વૃક્ષોનીત્રણ વર્ષ માટે સારસંભાળની સંપૂર્ણ વ્યવસ્થા સોંપવામાં આવી હતી. ગ્રામજનોએપણ આ ભગીરથકાર્યમાં જોડાઈ પાણી, વીજળી અને જમીન પૂરી પાડીને પ્રોજેક્ટને સફળ બનાવ્યો હતો. ત્રણ વર્ષની માવજતના નિયમથી આ વૃક્ષો માત્ર ૧ વર્ષમાં જ ૧૫ ફૂટથી વધુ ઉંચાઈ ધરાવતા થઈ ગયા છે. અદાણી ફાઉન્ડેશનના ડાયરેક્ટર વી.એસ.ગઢવી જણાવે છે કે છેલ્લા ૨૮ વર્ષથી પર્યાવરણ અને સમાજના ઉત્કર્ષ માટે અદાણી ફાઉન્ડેશન પ્રયત્નશીલ છે. વનઉછેર અને ઓર્ગેનિક ફાર્મિંગને પ્રોત્સાહન આપવાની અમારીપહેલ મીઠી જમીનની સમૃદ્ધિ અને ગ્રામીણો માટે નવું અસ્તિત્વ લાવે છે. આ સફળતા ટીમના સમર્પણ અને લોકભાગીદારીનું પરિણામ છે. અમે તેને ઉત્તરોત્તર આગળ વધારવા પ્રતિબદ્ધ છીએ. મુંદ્રા તાલુકામાં વનવિભાગના માર્ગદર્શન હેઠળ પ્રકૃતિરથશરૂ કરવામાં આવ્યોં છે. જેમાં લોકોનાઘર સુધી ૫૦,૦૦૦ જેટલા છોડનું વાવેતર કરવામાં આવ્યું છે.અદાણી ફાઉન્ડેશનદ્વારા ખેડૂતો ને ૨૧૦૦૦ ખારેક અને આંબાના છોડનું વિતરણ કરવામાં આવ્યું છે.પર્યાવરણ સંરક્ષણના ઉમદા પ્રયાસોના પરિણામે અંદાજે ૪૦૦૦મેટ્રિકટનથી વધુ કાર્બન સ્થાપન અને જૈવવિવિધતાના સ્થાયિત્વને પણ મજબૂતીમળી છે. માંડવી-મુંદ્રાના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે જણાવે છે કે, "અદાણી ફાઉન્ડેશનની વૃક્ષારોપણ અને પર્યાવરણ સંરક્ષણ માટેની સફળતા અસાધારણ છે.'' વીસરી માતા ટ્રસ્ટના પ્રમુખ વિરમભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, " અદાણી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવેલ સરાહનીય કામગીરીએ આ જમીનને નવો જીવ આપ્યો છે." તો સાંદીપની હાઈસ્કૂલના પ્રિન્સિપાલ કરશનભાઈ જણાવે છે કે "કચ્છમાંઆ પહેલી હાઈસ્કૂલ છે જ્યાં ૨૫,૦૦૦ થી વધુ વૃક્ષો લહેરાય છે, જે અદાણી ફાઉન્ડેશનની મહેનતનું પરિણામ છે." દેશલપર કંઠીના સીમાડામાં પણ ૧૦,૦૦૦ થી વધુ વૃક્ષો વાવીને અભૂતપૂર્વક કાર્ય થયું છે.

# વેરાવળ ખાતે ૬.૨૦ કરોડના ખર્ચે આંબેડકર ભવન નિર્માણ થશે

## ગીર સોમનાથ જીલ્લાના અનુ.જાતિના આગેવાનોએ મંત્રી ભાનુબેન બાબરીયાની મુલાકાત લીધી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૦



વેરાવળમાં ડો.બાબા સાહેબ આંબેડકરનું જીલ્લા કક્ષાનું આંબેડકર ભવન બનાવવાની કામગીરી ૨૦૧૮માં મંજૂર થયેલ તેનુ ખાત મુહૂર્ત પણ સાસંદ રાજેશ ચુડાસમાની હાજરીમાં થયેલ ત્યારબાદ ભવનની બાંધકામ કામગીરી શરૂ કરતા જમીનની અંદર ઉંડા ખાડા અને ગટરનું પાણી આવતા માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ જગ્યા ઉપર ડિઝાઈન પ્રમાણે બાંધકામની કામગીરી થઈ શકે તેમ નથી તેવુ જણાવતા આ ભવનની સ્ટ્રકચર ડીઝાઈન ફેરવવાનું જણાવવામાં આવેલ હતું. બાદમાં અત્યારે સુધી આ બાંધકામની કામગીરી શરૂ થયેલ નથી તેથી આ બાબતે પ્રદેશ મંત્રી ઝવેરીભાઈ ઠક્કર, જીલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પીઠિયા, પુર્વ અનુ.જાતિ મોરચાના પ્રમુખ ગીરીશભાઈ ભજગોતર, ઉપ પ્રમુખ દિનેશભાઈ આમહેડા, બચુભાઈ રાઠોડ દ્વારા સામાજીક ન્યાય મંત્રી ભાનુબેન બાબરીયાને ઉપરોક્ત બાબતે રજુઆત કરી હતી તેમણે જરૂરી સુચના આપતા ભવનની જગ્યા ઉપર જ નવી સ્ટ્રક્ચર ડીઝાઈન પ્રમાણે નવું ભવન બનાવવા માટે ઘટતી ગ્રાન્ટ ફાળવી કુલ ૬ કરોડ અને ૨૦ લાખ જેવી માતબર રકમ ફાળવી છે. જેથી આગામી સમયમાં વેરાવળ ખાતે અદ્યતન તેમજ જિલ્લા કક્ષાનું ભવ્ય આંબેડકર ભવન બનાશે તેવુ મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# યુદ્ધની આશંકા

પશ્ચિમ એશિયામાં એક મોટા યુદ્ધનો તણાવ એટલો વધી ગયો છે કે તેની આંચ ભારત સુધી પહોંચવા લાગી છે. ઉલ્લેખનીય છેકે ઈઝરાયલ-ઈરાન વચ્ચે વધતા તણાવને કારણે એર ઈન્ડિયાએ ઈઝરાયલના તેલ અવીવથી આવનારી તમામ ઉડાનોને ૮ ઓગસ્ટ સુધી માટે તાત્કાલિક પ્રભાવથી નિલંબિત કરી દીધી છે. શું ભારત સરકારને કોઈ ગુપ્ત બાતમી મળી છે? શું ઈરાન કે ઈઝરાયલથી ચેતવણી આવી છે? એક હદ સુધી આ બંને દેશોથી ભારતના ઠીકઠાક કામકાજી સંબંધ છે, તેથી ભારત પાસે જો યુદ્ધની પૂર્વ સૂચના આવી હોય, તો આશ્ચર્ય નહીં. જો યુદ્ધની આશંકા ન હોય, તો એર ઈન્ડિયાના તાજા પગલાને કેવી રીતે સમજવું? ધ્યાન આપવા જેવી વાત છે કે પેલેસ્ટાઈનના નામે સંઘર્ષ કરી રહેલ આતંકી સંગઠન હમાસના રાજકીય વડા ઈસ્માઈલ હાનિયાની ઈરાનમાં હત્યા કરી દેવાઈ હતી, જેનો આરોપ સીધો ઈઝરાયલ પર લાગ્યો હતો. એ વાત પણ ઉલ્લેખનીય છે ઈરાને હાનિયાના ખૂનનો બદલો લેવાના સોગંદ ખાધા છે. વાસ્તવમાં ઈઝરાયલ પોતાના લોકોની હત્યાનો બદલો લેવા માટે અભિયન છેડ્યું છે. ગુરુવારે ૧ ઓગસ્ટે જ ઈઝરાયલી રક્ષા દળોએ હમાસના સૈન્ય પ્રમુખ મોહંમદ દૈફના મોતની પુષ્ટિ કરી છે, જેને ઈઝરાયલ ૭ ઓક્ટોબરના હુમલાનો માસ્ટર માઈન્ડ માને છે. આશંકા છે કે ગાઝામાં હાલના યુદ્ધને હમાસના આ સૈન્ય વડાએ જ અંજામ આપ્યો હતો. સમાચાર આવ્યા છે કે તેને ગાઝામાં જ ૧૩ જુલાઈએ મારી નાખવામાં આવ્યો હતો.

ઈઝરાયલના અસાધારણ હુમલાથી ઈરાન જ નહીં, અન્ય ઈસ્લામી દેશોમાં પણ આક્રોશ છે. અરબ દેશો ઉપરાંત ચીન અને પાકિસ્તાને પણ ઈઝરાયલની નિંદા કરી છે. ઈરાનના સર્વોચ્ચ નેતા ખોમેની જે રીતે આક્રમક નિવેદનો કરી રહ્યા છે, તેનાથી યુદ્ધની આશંકાને બળ મળી રહ્યું છે. તેમણે સ્પષ્ટ કરી દીધું છે કે હત્યાનો બદલો લેવો અમારુ ંકર્તવ્ય છે. આ સમયે ના ઈરાનને કોઈ સમજાવી શકે છે કે ના ઈઝરાયલ કોઈનું સાંભળે છે. એ પણ માનવામાં આવે છે કે ઈરાન ભલે કોઈ મોટો હુમલો ન કરે, પરંતુ પોતાની સાખ બચાવવા માટે સાંકેતિક અને સીમિત હુમલાની કાર્યવાહી કરી શકે છે. જોકે સામે ઈઝરાયલ પણ તૈયાર છે. આ યુદ્ધ ન ભડકે, તેની આશા રાખી શકાય, પરંતુ આ દોરની આ બહુ મોટી મુશ્કેલી છે કે હવે સંયુક્ત રાષ્ટ્રનું પણ કોઈ સાંભળતું નથી. શું ભારત જેવા દેશો પોતાનો બચાવ કરવાની સાથે જ આ યુદ્ધ રોકવા માટે કંઈ કરી શકે છે? અસલમાં, પશ્ચિમ એશિયામાં શાંતિ માટે એક મોટા સંમેલનની જરૂર છે. અરબ દુનિયા જે રીતે વહેંચાયેલી છે, તેમાં તેમના પોતાના સ્તર પર સંમેલનની આશા ન રાખી શકાય, પરંતુ હા, સંયુક્ત રાષ્ટ્ર પોતાના પ્રયાસોથી એક ખાસ સંમેલન બોલાવી શકે છે. સુધાર અને સમજાવટની જરૂર ઈરાનને પણ છે અને ઈઝરાયલને પણ. સઉદી અરબ જો યુદ્ધ નથી ઈચ્છતું, તો પશ્ચિમ એશિયામાં વ્યાપક શાંતિ-વાર્તાની પહેલ એ પણ કરી શકે છે. આ દેશોએ લગભગ સદી ભરથી પરસ્પર લડતાં ભારે કિંમત ચૂકવી છે. એમાં ઈઝરાયલ બળુંકુ સાબિત થયું હતું. ખબર નહીં કેટલા યુદ્ધો બાદ આ દેશો શાંતિના રસ્તે ચાલશે?

## બત્રીસ દાંત વચ્ચે જીભ સમાન દેવળકી ગામનો વિકાસ રૂંધાયો

અમરેલી,તા.૧૦ : અમરેલી જિલ્લાનું એક એવું ગામ જે રાજકોટ જિલ્લામાં બત્રીસ દાંત વચ્ચે જીભ સમાન બે જિલ્લાઓ વચ્ચે વિકાસ જંખતું વડીયા તાલુકાનું દેવળકી ગામ ૨૦૧૭ મા બનેલ પશુ દવાખાનું આજની તારીખે કાર્યરત ન થયું અને પશુઓ અને અસામાજિક તત્વોનો અડ્ડો બન્યું છે.આમ તો અમરેલી જિલ્લો હોવી વિકાસની રાહ પર સારી રફતાર પકડી છે, પરંતુ જિલ્લાના છેવાડાના તાલુકાના દેવળકી ગામની વિકાસની વાત કંઈક અલગ જ છે. દેવળકી ગામની ફરતી બાજુ રાજકોટ જિલ્લાના ગામ છે અને એમાં ટાપુ બનીને અમરેલી જિલ્લાનું ગામ છે જે બે જિલ્લાઓની વચ્ચે ગામનો વિકાસ રૂંધાતો જણાઈ રહ્યો છે. ૨૦૧૭માં બનાવેલ પશુઓની સારવાર માટે દવાખાનું જેમાં કોઈ ડોકટરોની કે સ્ટાફ ની નિમણૂક થઈ જ નહીં અને એ દવાખાનું આજે રેઢિયાળ પશુઓનો અને અસામાજિક તત્વોનો અડ્ડો બન્યો હોવાની વાતો સ્થાનિકો કહી રહયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કથામાં સાંભળેલું ક્રિયામાં ઉતારીએતો જ કામનું.

- પ. પૂ. ડોંગરેજી મહારાજ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.સ્પેન્દાર્મદ-૧૩૯૩, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ સુદ-૬ રાંધણ છઠ્ઠ, અશ્વત્થ મારૂતિ પૂજન, ભગવાન શ્રી કલ્કી જયંતિ તા.૧૦ ઓગષ્ટ ૨૦૨૪, શનિવાર, પારસી તા.ગાથા-૧ (અહનુઆદ), મુસ્લિમ તા.૫, ચિત્રા નક્ષત્ર, સાધ્ય યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૭:૨૬

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ), સાંજે ૪:૧૭ ક. પછી જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે. - કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નવિન આયોજન સફળતાથી પાર પડે. પડવાથી સંભાળવું.
વૃષભ:મિત્ર વર્ગથી લાભ મળે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી.
મિથુન:પ્રિયજનથી મિલન થાય. વ્યાપારમાં પ્રગતિકારક દિવસ.
કર્ક: કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ. વડીલોથી મહત્વનું કાર્ય પૂર્ણ થાય.
સિંહ: નવિન સમાચાર મળે. મનની મુરાદ પૂરી થાય.
કન્યા: ગૃહવિવાદ, માનસિક અશાંતિ, વ્યર્થ ચિંતા રહે.
તુલા: પારિવારીક સમસ્યામાં મદદરૂપ બનવું પડે.
વૃશ્ચિક:અણધાર્યો લાભ મળે. નોકરીયાત વર્ગ માટે ઉત્તમ દિવસ.
ધન: નવિન ઓળખાણથી લાભ. જૂના મતભેદો નીવારી શકાય.
મકર: આર્થિક લાભ મેળવી શકશો. વ્યર્થ કાર્યબોજ રહે.
કુંભ: સ્નેહીઓ સાથે મનદુ:ખ રહે. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ આવે.
મીન: માનસિક ઉશ્કેરાટ રહે. આરોગ્ય બાબતે જાળવવું.

### સરકારે બેન્કિંગ એક્ટ બિલ રજૂ કર્યું

# બેન્કના ખાતામાં હવે એક સાથે ચાર નોમિની નોંધાવી શકાશે

## અત્યાર સુધી એક બેન્ક ખાતામાં માત્ર એક જ નોમિનીનો નિયમ હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૦

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શુક્રવારે લોકસભામાં બેન્કિંગ કાયદો (સુધારા) બિલ, ૨૦૨૪ રજૂ કર્યો છે. આ બિલમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે દરેક બેન્ક ખાતાધારક એક ખાતા માટે એકથી વધુ અર્થાત્ ચાર 'નોમિની' રાખી શકશે. અત્યાર સુધી એક બેંક ખાતામાં માત્ર એક જ નોમિનીનો ઉલ્લેખ કરવાનો નિયમ છે. જો આ બિલ સંસદમાંથી પસાર થઈ જશે તો હવે નોમિનીની સંખ્યા ચાર કરી શકાશે. જો કે, આ એક વૈકલ્પિક જોગવાઈ હશે. પ્રસ્તાવિત બિલમાં વધુ એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. જે હેઠળ, કંપનીના ડિરેક્ટર્સના સબસ્ટેન્શિયલ ઈન્ટરેસ્ટને ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે, જેમાં મર્યાદા રૂ. ૫ લાખથી વધારી રૂ. ૨ કરોડ કરવામાં આવી છે. જે લગભગ છ દાયકા પહેલાં નિર્ધારિત થઈ હતી.

લોકસભામાં વિપક્ષના કેટલાક સભ્યોએ આ બિલનો વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના મનીષ તિવારીએ કહ્યું કે રાજ્યોને સહકારી મંડળીઓ અને સહકારી બેંકો સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો અધિકાર છે. તેમણે આ સંદર્ભે કાયદાકીય અધિકારો અંગે અસ્પષ્ટતા વિશે પણ વાત કરી હતી કે, કેન્દ્ર સહકારી મંડળીઓને નિયંત્રિત કરી શકે છે કે નહીં તે અંગે વિરોધાભાસ છે.

આરએસપીના એનકે પ્રેમચંદ્રને કહ્યું કે સરકાર એક સાથે ચાર કાયદામાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહી છે અને જે ગૃહની પરંપરાઓ વિરુદ્ધ છે. તેમણે કહ્યું કે બિલ માત્ર એકબીજા સાથે જોડાયેલા વિષયો સાથે સંબંધિત કાયદા માટે લાવવામાં આવે છે. તૃણમૂલ કોંગ્રેસના સૌગત રોયે પણ એક ખરડા દ્વારા ચાર કાયદામાં સુધારો કરવા સામે વાંધો ઉઠાવ્યો હતો.

વિપક્ષી સભ્યોના વાંધાઓને ફગાવી દેતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આ ગૃહ દ્વારા સહકારી બેંકો સંબંધિત કાયદામાં પહેલાથી જ સુધારો કરવામાં આવ્યો છે અને તેનાથી નાના ખાતાધારકોને રાહત મળી છે. અમે ચાર બિલ લાવી શક્યા હોત પરંતુ જ્યારે સમાન પ્રકારના કામકાજ સંબંધિત કાયદાઓ છે ત્યારે અમે સુધારા બિલ રજૂ કર્યા છે.

### ૧ કરોડ રૂપિયાની પ્રાઈઝ મની આપવામાં આવશે

# બ્રોન્ઝ મેડલ જીત્યા પછી હોકી ટીમ પર રૂપિયાનો વરસાદ

## ભારતીય હોકી ટીમના સ્ટાર ખેલાડી વિવેક પ્રસાદ માટે મધ્ય પ્રદેશ સરકારે ઈનામની જાહેરાત કરી છે

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ જીતી લીધો છે. ભારતે ગુરુવારે સ્પેન સામે રમાયેલી મેચમાં ૨-૧થી જીત નોંધાવી છે. ટીમ ઈન્ડિયાની જીત પછી તેઓ માટે પ્રાઈઝ મનીની જાહેરાત થઈ હતી. ઓડિશા સરકારે પ્રાઈઝ મનીની જાહેરાત કરી છે. હવે મધ્ય પ્રદેશે પણ મોટી જાહેરાત કરી છે. એમપીના મુખ્યમંત્રી ડોક્ટર મોહન યાદવે વિવેક સાગર પ્રસાદ માટે ૧ કરોડ રૂપિયાનુ ઈનામ જાહેર કર્યું છે.

ટીમ ઈન્ડિયાએ ઓલિમ્પિકમાં સતત બીજીવાર બ્રોન્ઝ મેડલ જીતીને ભારતે ઈતિહાસ રચ્યો છે. હોકી ટીમે ૫૨ વર્ષ પછી આ કમાલ કરી બતાવી છે. ટીમ ઈન્ડિયાની જીત બાદ ખેલાડીઓ પર રૂપિયાનો વરસાદ થયો છે. મધ્ય પ્રદેશના ખેલાડી વિવેક સાગરને પ્રાઈઝ મની તરીકે ૧ કરોડ રૂપિયા મળશે. મુખ્યમંત્રી ડોક્ટર મોહન યાદવે આ જાહેરાત કરી છે. તેઓએ વિવેક સાથે વીડિયો કોલના માધ્યમથી વાત પણ કરી. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રીએ વિવેકને શુભેચ્છાઓ પાઠવી હતી.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રીએ એક્સ પર લખ્યુ, પેરિસ ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતીય હોકી ટીમના ખેલાડી, અમારા મધ્ય પ્રદેશના ગૌરવ શ્રી વિવેક સાગર પ્રસાદજી સાથે વીડિયો કોલના માધ્યમથી શુભેચ્છાઓ આપી. મધ્ય પ્રદેશ સરકાર તરફથી વિવિકને ૧ કરોડ રૂપિયા આપવામાં આવશે.

જણાવી દઈએ કે, ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીએ પણ હોકી ટીમ માટે પ્રાઈઝ મનીની જાહેરાત કરી છે. તેઓએ ભારતીય ટીમના ડિફેન્ડર અમિત રોહિદાસને ૪ કરોડ રૂપિયાની પ્રાઈઝ મની આપવાનું એલાન કર્યું છે. તેની સાથે જ ટીમના બાકીના ખેલાડીઓને ૧૫-૧૫ લાખ રૂપિયા આપવાની ઘોષણા કરી છે. સપોર્ટ સ્ટાફને પણ ૧૦ લાખ રૂપિયા મળશે.

### યુવતીને ઓનલાઈન પ્રેમ ભારે પડ્યો

# જામનગરના શખ્સે પ્રેમજાળમાં ફસાવીને લગ્નની લાલચ આપીને અનેકવાર દુષ્કર્મ આચર્યુ

## યુવતીએ વારંવાર લગ્ન કરવાનું કહેતા યુવકે ઝઘડો કરી ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું તેથી યુવતીએ યુવક વિરુદ્ધ દુષ્કર્મની પોલીસ ફરિયાદ કરી

અમદાવાદ,તા.૧૦

મણિનગરની યુવતીને જામનગરના શખ્સે પ્રેમજાળમાં ફસાવીને લગ્નની લાલચ આપીને અનેકવાર દુષ્કર્મ આચર્યુ હતુ. તેમજ શખ્સે રૂપિયાની જરૂર છે અને અન્ય બહાના બતાવીને યુવતી પાસેથી મોબાઈલ, ગિફ્ટ સહિત ટુકડે-ટુકડે રૂ. ૧૧.૩૮ લાખ પડાવી લીધા હતા. અને લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આ અંગે યુવતીએ શખ્સ સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મણિનગરમાં રહેતી ૩૫ વર્ષીય યુવતી નાસ્તાની લારી ધરાવી ધંધો કરે છે. જેમાં યુવતી ઈન્સ્ટાગ્રામ વાપરતી હતી ત્યારે વર્ષ ૨૦૨૧માં તેની પર જામનગરના ભાગ્યરાજ સિંહ જાડેજાની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જેથી યુવતીએ એક્સેપ્ટ કરતા બંને વચ્ચે વાતચીત શરૂ થઈ હતી. ત્યારબાદ બંનેએ એકબીજાના નંબરની આપલે કરી હતી અને પ્રેમ સંબંધ બંધાયો હતો. જે બાદ ભાગ્યરાજ સિંહ યુવતીને મળવા માટે અમદાવાદ મણિનગર આવતો હતો. તે સમયે શખ્સે યુવતીને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું હતુ. આ બાદ શખ્સે અવારનવાર યુવતીને લગ્નની લાલચ આપીને રાજકોટ ખાતે હોટલમાં લઈ ગયો હતો અને ત્યાંપણ દુષ્કર્મ આચર્યું હતુ. આટલું જ નહિ શખ્સે યુવતીને પ્રેમજાળમાં ફસાવીને રૂપિયાની જરૂર છે કહીને અનેક વસ્તુઓની માંગણી શરૂ કરી હતી. શખ્સે ગિફ્ટો, મોબાઈલ અને ટુકડે-ટુકડે યુવતી પાસેથી કુલ રૂ. ૧૧.૩૮ લાખ પડાવી લીધા હતા. જે બાદ યુવતીએ લગ્ન કરવાનું કહેતા શખ્સે ઝઘડો કરીને લગ્ન નથી કરવા કહીને ફોન ઉપાડવાનું બંધ કર્યુ હતુ. જેથી કંટાળીને યુવતીએ પ્રેમી ભાગ્યરાજ સિંહ સામે મણિનગર પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદ લઈને કાર્યવાહી શરૂ કરી છે અને આરોપી યુવકની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. આ સાથે ફરિયાદી દ્વારા કરવામાં આવેલ આરોપને લઈ પુરાવા એકત્રિત કરવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. ત્યારે પોલીસની તપાસ બાદ વધુ ખુલાસાઓ સામે આવી શકે તેમ છે.

### ડેમમાંથી ૨૮,૪૬૪ કયુસેક પાણી નર્મદા નદીમાં છોડાયું

# સરદાર સરોવર ડેમની સપાટી વોર્નિંગ સ્ટેજે પહોંચી

## ડેમમાં કુલ ૩.૫૪ લાખ કયુસેક પાણીની આવક થઈ રહી છે

નર્મદા, તા.૧૦

ગુજરાતમાં હાલ વરસાદ થોડો રોકાયેલો છે, પરંતુ છૂટાછવાયો વરસાદ પડી રહ્યો છે. જ્યારે અન્ય રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદ પડી રહ્યો છે. ત્યારે વરસાદના પાણીની તેમજ ઉપરવાસના ડેમમાંથી છોડાયેલા પાણીની આવક થતા ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટી ૧૨૮.૬૯ મીટર સુધી પહોંચી છે. ૯ ઓગસ્ટ બપોરે ૩.૦૦ કલાક સુધી ડેમમાં કુલ ૩.૫૪ લાખ કયુસેક પાણીની આવક થઈ છે.

સરદાર સરોવર ડેમની કુલ સંગ્રહશકિત ૯,૪૬૦ મિલિયન ક્યુબીક મીટર છે. હાલમાં સરદાર સરોવર ડેમમાં સંગ્રહ શક્તિના ૭૦ ટકા એટલે કે, ૬,૬૨૨ મિલિયન ક્યુબીક મીટર પાણીનો સંગ્રહ થતા ડેમમાં પાણીની સપાટી વોર્નિંગ સ્ટેજ પર પહોંચી છે. સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટીને વોર્નિંગ સ્ટેજથી ઘટાડવા માટે રીવર બેડ પાવર હાઉસના (RBPH) માધ્યમથી આશરે ૨૮,૪૬૪ કયુસેક પાણીને નર્મદા નદીમાં છોડવામાં આવી રહ્યું છે તેમ સરદાર સરોવર નિગમની યાદીમાં જણાવાયું છે.

ગુજરાતના વરસાદ અંગે હવામાન વિભાગે આગામી સાત દિવસની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે ગુજરાતમાં આગામી સાત દિવસ માટે ક્યાંય ભારે વરસાદ નહીં પડે. જોકે, કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પડી શકે છે.

બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં સામાન્ય વરસાદ પડી શકે છે. આ ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ,બોટાદ, કચ્છ અને દીવમાં આગામી સાત દિવસોમાં સામાન્ય વરસાદ પડી શકે છે.

રાજ્યમાં એવરેજ વરસાદ ૬૮.૯૮ ટકા નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં મોસમનો ૭૮.૩૪ ટકા વરસાદ, કચ્છ ઝોનમાં મોસમનો કુલ ૮૬.૭૨ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૮૨.૯૫ ટકા વરસાદ વરસાદ સાથે સામાન્ય કરતાં સારો વરસાદ જોવા મળ્યો છે. જ્યારે ઉત્તર ગુજરાતમાં ૫૧.૫૧ ટકા અને પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૫૦.૭૩ ટકા મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

### ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતો તણાવ

# એર ઈન્ડિયાની તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ અનિશ્ચિત સમય માટે સ્થગિત

## આ સાથે એરલાઈને ટિકિટ બુક કરેલા મુસાફરોને તમામ રકમ પરત કરવાની પણ તૈયારી આદરી છે

નવી દિલ્હી, તા.૧૦

પેલેસ્ટાઈન અને હમાસ સાથેના યુદ્ધમાં ઈરાનના ઘરમાં ઘુસીને વિરોધીને ઠાર મારવા બદલ ઈઝરાયેલ સામે ચારેય મોરચે વિરોધનો વંટોળ ઉભો થયો છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધી રહેલા તણાવને કારણે સમગ્ર વિશ્વની નજર હવે મધ્ય પૂર્વ પર છે. આ દરમિયાન એર ઈન્ડિયાએ શુક્રવારે ભારત અને ઈઝરાયેલ વચ્ચેની ફ્લાઈટ્સ અનિશ્ચિતકાળ સુધી રદ કરવાની જાહેરાત કરતા સ્થિતિ વધુ તંગ બનવાના ભણકારા વાગી રહ્યાં છે. એર ઈન્ડિયાએ એક ટ્વિટમાં જણાવ્યું કે, એરલાઈન કંપનીએ આગામી સૂચના સુધી તેલ અવીવથી અને તેલ અવીવની તમામ ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી છે. ટાટા ગ્રૂપની માલિકીની કંપનીએ અગાઉ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીથી તેલ અવીવ સુધીની તેની સેવાઓ ૮ ઓગસ્ટ સુધી સ્થગિત કરી દીધી હતી. આ સાથે એરલાઈને ટિકિટ બુક કરેલા મુસાફરોને તમામ રકમ પરત કરવાની પણ તૈયારી આદરી છે.

એર ઈન્ડિયાએ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો છે. એર ઈન્ડિયાએ તેની એક્સ-પોસ્ટમાં લખ્યું કે, 'મધ્ય પૂર્વના કેટલાક ભાગોમાં વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, અમારી તેલ અવીવ આવતી અને જતી ફ્લાઈટ્સનું સંચાલન આગામી સૂચના સુધી તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવ્યું છે. અમે સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને તેલ અવીવની ટિકિટ બુક કરાવનારા મુસાફરોને સંપૂર્ણ રિફંડ ઓફર કરી રહ્યા છીએ. અમારા મહેમાનો(મુસાફરો) અને ક્રૂની સુરક્ષા અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધુ માહિતી માટે કૃપા કરીને અમારા ૨૪/૭ સંપર્ક કેન્દ્ર ૦૧૧-૬૯૩૨૯૩૩૩ / ૦૧૧-૬૯૩૨૯૯૯૯ પર કોલ કરો. તેહરાનમાં હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હનીયેહની હત્યા બાદ ઈરાને ઈઝરાયેલ સામે જવાબી કાર્યવાહી કરવાની ધમકી આપ્યા બાદ અમેરિકાએ પણ સમુદ્રમાં પોતાની સેનાની તૈનાતી વધારી દીધી છે. ઈરાને અમેરિકા પર ઈઝરાયેલને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો છે. ગયા અઠવાડિયે, ટાટાની માલિકીની એરલાઈન્સે જાહેરાત કરી હતી કે, તે તેલ અવીવથી ૮ ઓગસ્ટ સુધી તાત્કાલિક અસરથી ફ્લાઈટ કામગીરી સ્થગિત કરી રહી છે. સસ્પેન્શન હવે અનિશ્ચિત સમય માટે લંબાવવામાં આવ્યું છે. આ વર્ષની શરૂઆતમાં પણ એર ઈન્ડિયાએ મધ્ય પૂર્વના તણાવને કારણે અલગ-અલગ સમયે તેલ અવીવની ફ્લાઈટ્સ સ્થગિત કરી દીધી હતી.

# અમેરિકામાં સીનિયર સિટિઝન સાથે ફ્રોડ કરનારા ગુજરાતીની ધરપકડ

અમદાવાદ,તા.૧૦

અમેરિકામાં ગુજરાતીઓનું નામ જાણે છેતરપિંડીનું પર્યાય બની રહ્યું છે. છેતરપિંડીના આવા જ એક કેસમાં મોન્ટેગોમેરી કાઉન્ટી પોલીસ ડિપાર્ટમેન્ટે નીલ પટેલ નામના ૨૩ વર્ષના એક ગુજરાતીની ધરપકડ કરી છે, જે ઈલિનોયના કારોલ સ્ટ્રીમનો રહેવાસી છે.

ફક્ત ૨૩ વર્ષની ઉંમરે મોટો કાંડ કરનારા નીલ પટેલ પર નકલી સરકારી અધિકારી બનીને સિનિયર સિટીઝન્સને ડરાવી-ધમકાવી તેમની પાસેથી સોનું પડાવવાના કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ છે.

માર્ચ ૨૦૨૪ના રોજ પીડિત સીનિયર સિટિઝને પોલીસનો કોન્ટેક્ટ કરીને પોતાની સાથે ૭.૮૯ લાખ ડોલરનું ફ્રોડ થયું હોવાનો રિપોર્ટ કર્યો હતો. પીડિતના જણાવ્યા અનુસાર તેમને કોઈ અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતો જેણે પોતાની ઓળખ ફેડરલ ટ્રેડ કમિશનના ઈન્સપેક્ટર જનરલ તરીકે આપી હતી.

ફોન કરનારાએ પીડિતને એવું કહ્યું હતું કે તેમની આઈડેન્ટિટીની ચોરી કરીને ક્રિમિનલ એક્ટિવિટી કરવામાં આવી છે, જેના કારણે તેમની સામે ફેડરલ ગવર્મેન્ટે ડ્રગ્સ અને મની લોન્ડરિંગની તપાસ શરૂ કરી છે. પીડિતને ડરાવ્યા બાદ કોલરે તેમને એવી સલાહ આપી હતી કે તેમનું બેંક અકાઉન્ટ પણ હવે સેફ ના હોવાથી તેમણે તમામ રકમ ઉપાડી તેને સોનામાં ફેરવી લેવી જોઈએ, અને આ સોનુ તેમના ઘરેથી હૈંનો એજન્ટ કલેક્ટ કરી લેશે તેમજ તેને ફેડરલ ગવર્મેન્ટની સેફ કસ્ટડીમાં રખાશે અને કેસ પૂરો થતાં જ આ ગોલ્ડ તેમને પાછું આપી દેવાશે.

કોલરની વાતમાં આવી ગયેલા વૃદ્ધાએ તેના કહ્યા અનુસાર પોતાના બેંક અકાઉન્ટમાંથી પૈસા ઉપાડીને તેનું ઓનલાઈન સોનું ખરીદ્યું હતું,

### વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી જાતિ પ્રમાણપત્ર મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ છે ત્યારે

# સ્કૂલો દ્વારા દરખાસ્તમાં વિલંબ કરાતા જાતિ પ્રમાણપત્રો આપવામાં મોડું થશે

અમદાવાદ, તા.૧૦
રાજયના વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી જ જાતિના પ્રમાણપત્ર મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલી હોવા છતાં સ્કૂલો દ્વારા દરખાસ્ત કરવામાં આળસ કરવામાં આવતી હોવાનું સામે આવ્યું છે. ચાલુ વર્ષ માટે જુલાઈના અંત સુધીમાં સ્કૂલોને દરખાસ્ત કરવા માટે સૂચના આપી હતી અને ૩૧ ઓગસ્ટ સુધીમાં પ્રમાણપત્રો તૈયાર કરીને પુરા પાડવામાં આવનાર હતા. પરંતુ જુલાઈ માસ પૂર્ણ થયા બાદ પણ ઘણી સ્કૂલો દ્વારા દરખાસ્ત કરવામાં ખૂબ જ ધીમી કામગીરી કરવામાં આવી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વિકસતિ જાતિ કલ્યાણના નિયામક દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મળી રહે તે મુજબની પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી હતી. જે સંદર્ભે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથે દરખાસ્ત જુલાઈ-૨૦૨૪ના અંત સુધીમાં મોકલવા અને જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી ૩૧, ઓગસ્ટ સુધીમાં પુરા પાડવા સૂચનાઓ આપેલી હતી. પરંતુ આ બાબતે સમય મર્યાદામાં જાતિ પ્રમાણપત્ર પુરા પાડવાની કામગીરીમાં વિલંબ થયો હોવાનું જાણવા મળે છે. હાલમાં જ જુલાઈ માસ પૂર્ણ થયો છે, તેમ છતાં હજુ ઘણી શાળાઓ મારફતે દરખાસ્ત પહોંચાડવાની કામગીરી ઘણી જ ધીમી ગતિએ ચાલતી હોવાના પગલે સમય મર્યાદામાં જાતિ પ્રમાણપત્ર પુરા પાડવામાં વિલંબ થઈ રહ્યો છે. જેથી સરકારે અમલમાં મૂકેલી પદ્ધતિનો વિદ્યાર્થીઓને પુરો લાભ મળી રહે તે માટે શાળાઓ મારફત વહેલી તકે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો માટેની સંપૂર્ણ વિગતો સાથેની દરખાસ્ત સમયસર જે તે સત્તાધિકારીને મોકલી આપવામાં આવે તે માટે તાકીદ કરાઈ છે. ઉપરાંત સંબંધિત સત્તાધિકારીઓ દ્વારા પણ પુરતી કાળજી લઈ જાતિ પ્રમાણપત્રો તૈયાર કરી સંબંધિત શાળાઓને પહોંચાડવાની કામગીરી આયોજન મુજબ સમય મર્યાદામાં પુરી કરવા DEOને તેમના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સૂચનાઓને ધ્યાને લઈ તે મુજબની કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે.

### ભારતીય આદિવાસી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા

# બાંગ્લાદેશ જેવી હિંસાની સ્થિતિનું નિર્માણ ભારતમાં ન થાય તે માટે સતર્ક રહેવા તાકીદ

ભરૂચ ,તા.૧૦
બાંગ્લાદેશ જેવી હિંસાની સ્થિતિનું નિર્માણ ભારતમાં ન થાય તે માટે સતર્ક રહેવા ભારતીય આદિવાસી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ છોટુભાઈ વસાવાએ તાકિદ કરી છે. અનામત પ્રશ્ને બાંગ્લાદેશમાં રમખાણો ફાટી નીકળતા વડાપ્રધાન શેખ હસીના ભાગીને ભારતમાં આવ્યા છે. બાંગ્લાદેશમાં હિંસાના પગલે ભારતની સરહદે લશ્કરને એલર્ટ કરાયું છે. આ ઘટનાના પાડોશી દેશોમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. આ સંદર્ભે ભારતીય આદિવાસી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ છોટુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે બાંગ્લાદેશમાં જે ગૃહયુદ્ધ ફાટી નીકળ્યું છે. તે સ્થિતિને ધ્યાને લઈ સરકારે કાળજી લેવી જોઈએ. વિરોધ પક્ષ પણ કાળજી લેવી જોઈએ. સત્તાપક્ષે દેશ સાથે છેતરપિંડી કરી અર્થતંત્રને ખતમ કરવાનું ષડયંત્ર રચ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બે દિવસ અગાઉ વિશ્વ બેંકનો રિપોર્ટ વાચ્યો હતો. જેમાં ભારતનું જે નીતિપંચ છે તે આંબલી પીપળી રમાળે છે. અત્યારે દેશનું જબજેટ રજુ કરાયું છે તેમાં પ્રશ્ન માટે કોઈ સ્પષ્ટ જોગવાઈ નથી. તેમણે આરએસએસ ઉપર પણ નિશાન સાધ્યું હતું જો સત્તાપક્ષ આ પ્રકારનું વલણ અપનાવશે તો ભારતમાં પણ બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ શકે છે. બાંગ્લાદેશનું દૂષણ ભારત સુધી ન આવે તેની કાળજી લોકોએ લેવાની જરૂરિયાત હોવાનું તેમણે જણાવ્યું હતું આમ તેમણે બાંગ્લાદેશની હિંસાના પડઘા ભારતમાં ન પડે તે જોવા ખાસ અનુરોધ કર્યો હતો.

# સુનિતા વિલિયમ્સને ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી અવકાશમાં રહેવું પડી શકે છે : નાસા

### આ બે અવકાશયાત્રીઓને જૂનમાં બોઈંગના સ્ટારલાઈનર કેપ્સ્યુલ દ્વારા ISS ઉપર મોકલવામાં આવ્યા હતા



(એજન્સી) તા.૧૦
નાસાના અધિકારીઓએ જાહેરાત કરી હતી કે અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર, જે હાલમાં ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (ISS) ઉપર છે, તેઓ કદાચ બોઈંગના સ્ટારલાઈનરને બદલે સ્પેસએક્સના ક્રૂ ડ્રેગન ઉપર ફેબ્રુઆરી ૨૦૨૫માં પૃથ્વી ઉપર પાછા આવી શકે છે. આ નિર્ણય સ્ટારલાઈનર અવકાશયાનના ચાલુ સલામતી મૂલ્યાંકનના પરિણામ ઉપર આધારિત છે, જેમાં બહુવિધ તકનીકી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે. આ બે અવકાશયાત્રીઓને જૂનમાં બોઈંગના સ્ટારલાઈનર કેપ્સ્યુલ દ્વારા ISS ઉપર મોકલવામાં આવ્યા હતા. તેમનું મિશન લગભગ આઠ દિવસ ચાલવાની ધારણા હતી, પરંતુ સ્ટારલાઈનર ઉપર પ્રોપલ્શન સિસ્ટમની સમસ્યાઓને કારણે તેમનું રોકાણ લંબાવવામાં આવ્યો છે. આ મુદ્દાઓએ આયોજન મુજબ સ્પેસક્રાફ્ટને સુરક્ષિત રીતે પૃથ્વી ઉપર પાછા લાવવાની ક્ષમતા અંગે ચિંતાઓ વધારી છે. બોઈંગ આ સમસ્યાઓના નિવારણ માટે સખત પરીક્ષણ અભિયાન ચલાવી રહી છે, જેમાં થ્રસ્ટર નિષ્ફળતા અને હિલીયમ લીકનો સમાવેશ થાય છે. જો નાસા સ્ટારલાઈનરનું મિશન બદલવાનું નક્કી કરે છે, તો બોઈંગ અવકાશયાનને અનક્રુડ રીટર્ન માટે ગોઠવશે. આ બોઈંગ માટે નોંધપાત્ર હશે, જેણે સ્ટારલાઈનર વિકસાવવામાં અસંખ્ય પડકારોનો સામનો કર્યો છે, જેમાં મેનેજમેન્ટ સમસ્યાઓ અને એન્જિનિયરિંગ સમસ્યાઓનો સમાવેશ થાય છે. સ્ટારલાઈનરના વિકાસ માટે ૨૦૧૬થી બોઈંગને $1.6 બિલિયનનો ખર્ચ થયો છે, જેમાં વર્તમાન પરીક્ષણ મિશન માટે $125 મિલિયનનો સમાવેશ થાય છે. નાસા સ્પેસએક્સ સાથે વિલ્મોર અને વિલિયમ્સ માટે આગામી ક્રૂ ડ્રેગન લોન્ચ માટે સંભવિત યોજનાઓ ઉપર ચર્ચા કરી રહી છે. આ આકસ્મિક યોજનામાં સ્પેસએક્સના ક્રૂ-૯ મિશનનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે, જે સપ્ટેમ્બર ૨૦૨૪માં લોન્ચ થવાનું છે અને ૨૦૨૫ની શરૂઆતમાં અવકાશયાત્રીઓને પૃથ્વી ઉપર પાછા લાવશે. વિલિયમ્સ ક્રૂ-૯ ટીમ સાથે પરત ફરશે. સ્ટારલાઈનર કેપ્સ્યુલના ISS ઉપર મહત્તમ ૯૦ દિવસોમાંથી ૬૩ દિવસ માટે ડોક કરવામાં આવ્યો છે. જેનો ક્રૂ ડ્રેગનને આગામી મિશન માટે ઉપયોગ કરવાની જરૂર પડશે. નાસાએ આ યોજનાઓને સમાયોજિત કરવા માટે સ્પેસએક્સના ક્રૂ-૯ મિશનમાં એક મહિના કરતાં વધુ સમય વિલંબ કર્યો છે. નાસાનો કોમર્શિયલ ક્રૂ પ્રોગ્રામ, જે સ્ટારલાઈનરની દેખરેખ રાખે છે, તે બોઈંગને વધારાના પરીક્ષણ કરવા અને વધુ ડેટા એકત્ર કરવા માટે વધુ સમય માંગે છે. સ્ટારલાઈનર અથવા ક્રૂ ડ્રેગનનો ઉપયોગ કરવો કે કેમ તે અંગેનો નિર્ણય આવતા અઠવાડિયે કરવામાં આવશે. આ પડકારો હોવા છતાં નાસા અવકાશયાત્રીઓને સુરક્ષિત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે.

### ગુજરાત પોલીસમાં બઢતીનો દોર યથાવત્

# ૧૨૮ જુનિયર ક્લાર્કને સિનિયર ક્લાર્ક તરીકે અપાઈ બઢતી

અમદાવાદ, તા.૧૦
ગુજરાત પોલીસમાં લાબા સમયથી પોલીસ વિભાગમાં બદલી અને બઢતીનો દોર ચાલુ છે. ત્યારે લાંબા સમયથી પોલીસ વિભાગમા કલાર્ક તરીકે ફરજ બજાવતા ૧૨૮ જુનિયર કલાર્કને સિનિયર તરીકે પ્રમોશન અપાયુ છે, જેના કારણે પોલીસબેડામાં ખુશીનો માહોલ છે,પોલીસ વિભાગમાં અલગ-અલગ વિભાગમાં આ કલાર્કો ફરજ બજાવી રહ્યા છે. ગુજરાત પોલીસમા હાલ ખુશીનો માહોલ છે,પોલીસ વિભાગ દ્વારા અલગ-અલગ વિભાગમાં બઢતી અને બદલીનો દોર યથાવત છે,ત્યારે ગત અઠવાડીયે પણ ગૃહવિભાગ દ્વારા ૨૩૩ પીએસઆઈને પીઆઈ તરીકે બઢતીનો ઓર્ડર કરવામાં આવ્યો છે,હાલમાં આ તમામ બઢતી થયેલા પીઆઈને પોલીસ સ્ટેશન ફાળવવામાં આવ્યા નથી,તો ટૂંક સમયમાં આ તમામ પીઆઈને પોલીસ સ્ટેશન ફાળવવામાં આવશે તો અમુક સમયમાં પીઆઈમાંથી ડીવાયએસપીનું પણ પ્રમોશનની ચર્ચા ચાલી રહી છે. અમદાવાદ શહેરમાં ૫ વર્ષ અથવા ૫ વર્ષથી વધુ એક જ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોય તેવા કોન્સ્ટેબલોની બદલી કરવામાં આવી છે.સાથે સાથે જે લોકો ટ્રાફિક પોલીસમાં હતા તેમને પોલીસ સ્ટેશનમાં બદલી કરાઈ છે તો જે લોકો પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તેઓની ટ્રાફિકમાં બદલી કરવામાં આવી છે. અગાઉ ASIની ભરતી પ્રક્રિયા બઢતીથી કરવાને લઈને નિર્ણય કર્યો હતો. રાજ્ય પોલીસ દળમાં બિન હથિયારી ASI સંવર્ગના અનુભવી કર્મચારી મળી રહે અને ફીડર કેડરમાં બઢતીની તકો વધવાથી તેઓ ઉત્સાહપૂર્વક કામગીરી કરી શકે તેવા આશયથી ગૃહ વિભાગ ગુજરાત સરકારના સંદર્ભિત પત્રથી બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર, વર્ગ ૩ની સીધી ભરતી રદ કરવાની અને આ સંવર્ગની તમામ ખાલી જગ્યાઓ માત્ર બઢતીથી ભરવાની મંજૂરી આપવામાં આવી છે.

### વિદ્યાર્થીઓ શાળામાં અને એમના શિક્ષિકા વિદેશમાં !!

# લ્યો બોલો ! એક શિક્ષિકા બેનની નોકરી બનાસકાંઠામાં અને વસવાટ અમેરિકામાં

અમદાવાદ, તા.૧૦
રાજ્યમાં શિક્ષણને લઈને અનેક વાર ચોંકાવનારા કિસ્સાઓ સામે આવે છે. તાજેતરમાં જ રાજકોટમાંથી નકલી શાળા ઝડપાતા ચકચાર મચી જવા પામી હતી ત્યારે બનાસકાંઠા જિલ્લામાંથી પણ શિક્ષણ જાતને અને જાગૃત લોકોને ચોંકવનારો એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં જિલ્લાના એક ગામની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતી એક શિક્ષિકા છેલ્લા ૮ મહિનાથી વિદેશમાં વસવાટ કરે છે જ્યારે તે શાળામાં હજુ પણ કાર્યરત હોવાનું સામે આવ્યું છે. વળી આ શિક્ષિકા ન તો હાજર થાય છે ન તો રાજીનામું મૂકે છે. ત્યારે આ શિક્ષિકાએ શાળામાં કરવાના કાર્યનું શું ? તેણે જે વિદ્યાર્થીઓને ભણાવવાના હોય તેમના ભવિષ્યનું શું ? શું આરીતે ભણશે ગુજરાત ? શું આ રીતે આગળ વધશે ગુજરાત ? જેવા અનેક સવાલો આ બાબત સામે આવ્યા બાદ લોકો કરી રહ્યા છે. ગુજરાત શિક્ષણ વિભાગનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં અંબાજી નજીકની પાન્છા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતી શિક્ષિકા વિદેશમાં સ્થાયી પણ હજી ફરજ ઉપર શાળામાં કાર્યરત હોવાનું સામે આવ્યું છે. તેમ છતાં શિક્ષણ વિભાગ દ્વારા કોઈપણ કાર્યવાહી કરવામાં આવી નથી. ભાવનાબેન પટેલ છેલ્લા ૮ મહિનાથી અમેરિકામાં રહે છે. ભાવનાબેન પટેલ નામના શિક્ષિકા પાન્છા પ્રાથમિક શાળામાં ન તો હાજર થઈ રહ્યા છે ન તો રાજીનામુ મૂકી રહ્યા છે. શાળામાં અભ્યાસ કરતા બાળકોના ભવિષ્ય સામે ખિલવાડ કરતો કિસ્સો સામે આવ્યો છે. પાન્છા પ્રાથમિક શાળાના ઈન્ચાર્જ આચાર્ય પારૂલબેને જણાવ્યું હતું કે, ‘શિક્ષણ વિભાગને અને જિલ્લા શિક્ષણ અધિકારીને આ બાબતે લેખિત અરજી કરી છે છતાં કોઈપણ કાર્યવાહી કરવામાં આવી નથી. ગુજરાતનું શિક્ષણ વિભાગ ઘોર નિંદ્રામાં હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. શાળામાં અભ્યાસ કરતા બાળકો શિક્ષણ માટે શિક્ષિકાની રાહ જોઈ રહ્યા છે. સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારીએ કહ્યું કે, ‘જે બેન ૮ મહિનાથી ગેરહાજર છે તેમને નોટિસ આપવામાં આવી છે અને ગેરહાજરી દરમ્યાન કોઈપણ પગાર ચૂકવવામાં આવ્યો નથી.’ જો કે આવી સ્થિતિમાં ‘સૌ ભણે સૌ આગળ વધે’નું સૂત્ર કઈ રીતે સાર્થક બનશે ? તે સવાલ લોકોમાં ચર્ચાઈ રહ્યા છે.

# આગામી વર્ષ સુધી આવી જશે ડેન્ગ્યુની રસી ત્રીજા તબક્કાના ટ્રાયલ પણ પૂરા થવાની તૈયારી



નવી દિલ્હી, તા.૧૦
દેશનું આરોગ્ય મંત્રાલય આગામી વર્ષ સુધી ડેન્ગ્યુની રસી ભારતમાં લોન્ચ કરી શકે છે. હાલ ચાર કંપનીઓ રસી ઉપર ટ્રાયલ કરી રહી છે. ત્રીજા તબક્કાનું ટ્રાયલ પૂર્ણ થવાની સાથે જ આ રસી બજારમાં મૂકવામાં આવશે. નોંધનીય છે કે, ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસો પીક ઉપર રહેશે. ગતવર્ષની તુલનાએ આ વર્ષે ડેન્ગ્યુના સૌથી વધુ ૩૨૦૯૧ કેસો નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રે જણાવ્યું હતું કે, અમે ડેન્ગ્યુ સંદર્ભે રાજ્યો સાથે બેઠક કરી વધી રહેલા કેસોને નિયંત્રણમાં લેવા માર્ગદર્શિકા તૈયાર કરી છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બરમાં વરસાદની સિઝનમાં ડેન્ગ્યુના કેસો વધુ નોંધાય છે. ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસ પિક ઉપર હોય છે અને બાદમાં ઘટવા લાગે છે. ૨૦૦૦ સુધી ડેન્ગ્યુથી થતા મૃત્યુનો આંક ૩ ટકા હતો. જે ઘટી ૧ ટકા થયો છે. ડેન્ગ્યુ મામલે તમામ રાજ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં રાજ્યોને માર્ગદર્શિકા આપવામાં આવી હતી. તમામ રાજ્યોને તેનાથી બચવાના ઉપાયો જણાવવામાં આવ્યા હતા. આ અંગે વધુ માહિતી આપતા અપૂર્વ ચંદ્રાએ કહ્યું કે ચોમાસાની શરૂઆતથી, દેશના દક્ષિણ ભાગમાં ડેન્ગ્યુના વધુ કેસ જોવા મળી રહ્યા છે જેમાં આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને તમિલનાડુ સમાવિષ્ટ છે. આ સાથે મહારાષ્ટ્ર અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસ પણ જોવા મળી રહ્યા છે. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે મહારાષ્ટ્રમાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ડેન્ગ્યુના કેસો ૮૩ ટકા વધ્યા છે. જાન્યુઆરી અને જુલાઈ ૨૦૨૩ દરમિયાન મહારાષ્ટ્રમાં ૩,૧૬૪ કેસ નોંધાયા હતા, જ્યારે આ વર્ષના પ્રથમ સાત મહિનામાં ૫,૭૭૬ કેસ નોંધાયા છે. આ વર્ષે અત્યાર સુધીમાં કર્ણાટકમાં ડેન્ગ્યુના ૧૯,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. પશ્ચિમ બંગાળમાં પણ ડેન્ગ્યુના કેસ ઝડપથી વધી રહ્યા છે, જ્યાં અત્યારસુધીમાં ઓછામાં ઓછા ૨,૬૪૦ લોકો ડેન્ગ્યુનો ભોગ બન્યા છે. ડેન્ગ્યુ એ મચ્છરજન્ય વાયરલ રોગ છે જે મોટે ભાગે પાણીમાં થાય છે. તેના લક્ષણોમાં વધુ પડતો તાવ, માથાનો દુખાવો, ઉલટી, સ્નાયુઓ અને સાંધાના દુખાવાની સાથે ત્વચામાં ખંજવાળ અને ફોલ્લીઓ થવી વગેરે સામેલ છે.

# અસમાનતા દૂર કરવા માટે બંધારણ એ શક્તિશાળી સાધન છે : CJI ચંદ્રચૂડ

(એજન્સી) તા.૧૦
ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડે જણાવ્યું હતું કે, બંધારણ એ અસમાનતાને કાબૂમાં લેવા માટે એક ‘શક્તિશાળી સાધન’ છે અને તે સંસ્થાઓ અને માળખાઓનું નિર્માણ કરે છે જે અસમાનતા સામે રક્ષણ આપે છે. તેમણે કહ્યું કે, બંધારણ આ સંસ્થાઓ પૈકી તપાસ અને બેલેન્સની જોગવાઈ કરે છે અને દેશના નાગરિકો પ્રત્યે સંસ્થાકીય પ્રાથમિકતાઓ અને જવાબદારીઓ પણ નક્કી કરે છે. ઓ.પી. જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટીના ૧૩મા દીક્ષાંત સમારોહ અને સ્થાપના દિવસ ઉપર એક સભાને સંબોધતા CJIએ વિદ્યાર્થીઓને તેમની આસપાસની દુનિયામાં તેના તમામ પાસાઓમાં અન્યાયને ઓળખવા માટે આગ્રહ કર્યો હતો. તેમણે કહ્યું કે, બંધારણ આવી અસમાનતાને કાબૂમાં લેવાનું એક શક્તિશાળી સાધન છે. તે એવી સંસ્થાઓ અને માળખાઓનું નિર્માણ કરે છે જેનો હેતુ અસમાનતાઓ સામે રક્ષણ કરવા માટે છે. તે આંતર-સંસ્થાકીય સંબંધોનું નિયમન કરે છે; તે રાજ્ય અને લોકો વચ્ચેના સંબંધોને નિયંત્રિત કરે છે. બંધારણ આ મૂલ્યોને આપણા સામાજિક માળખામાં સમાવે છે. જો કે, આપણી લોકશાહીમાં આપણે જે વસ્તુને સ્વીકાર્ય ગણીએ છીએ તે સ્થિરતા છે જે આપણું બંધારણ આપણા નાગરિક જીવનને પ્રદાન કરે છે. બંધારણીય દીર્ઘાયુષ્ય આપણા ઘડવૈયાઓની શાણપણની વાત કરે છે, જેઓએ બંધારણમાં પાયાના ઘટકોને સમાવિષ્ટ કર્યા હતા. ઉદાહરણ તરીકે આપણે સમજી શકીએ છીએ કે, અસમાનતા એ અન્યાયી છે. પરંતુ સમાનતા શું છે તેના વિશે આપણી પાસે વિવિધ વિચારો હોઈ શકે છે. તેમણે કહ્યું કે, કાયદો લિંગના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે. CJIએ કહ્યું કે, એક કાયદો જે મહિલા કર્મચારીઓને અમુક સંસ્થાઓમાં કામ કરવા માટે પ્રતિબંધિત કરે છે, તેમની સુરક્ષા માટે જોખમની આશંકા કરે છે તેમણે કહ્યું કે, વાસ્તવમાં ન્યાયનો અર્થ અલગ-અલગ સંદર્ભમાં અલગ- અલગ વસ્તુઓ સાથે થાય છે અને આસપાસના અન્યાયને જોવા માટે યોગ્ય અર્થઘટનની જરૂર પડે છે. CJIએ કહ્યું કે, અમે જટિલ રીતે અસમાનતાઓ વચ્ચે જીવીએ છીએ અને આમાંની કેટલીક સમસ્યાઓ માટે કોઈ સીધા અથવા કડક કાયદાકીય ઉકેલો નથી. તેના માટે નિષ્ઠાવાન વ્યાવસાયિક ઉકેલની જરૂર છે. તેમણે જણાવ્યું હતું કે, આબોહવા પરિવર્તન, માહિતીમાં અંતર અને મૂળભૂત સંસાધનોના અસમાન વિતરણ જેવી સમસ્યાઓનો સ્પષ્ટ ઉકેલો વ્યાવસાયિક ડોમેન અથવા સંસ્થામાં નથી અને તેમના જવાબો શોધ અને સહકારમાં છે. શ્રેષ્ઠ ઉકેલો શોધવામાં આપણે યોગ્યતા, તર્કસંગતતા અને વ્યવહારિકતાની ચિંતાઓ દ્વારા નિર્ધારિત ન થવું જોઈએ. અમે જે નિર્ણયો લઈએ છીએ તેમાં સુલભતા, સર્વસમાવેશકતા અને વિવિધતા હોવી જોઈએ. તેમણે કહ્યું કે, આજે આપણા સમાજ માટેનો ખતરો એ અવાજ ઊઠાવવાની છે અને આપણને નિરંકુશ જુસ્સાના અવાજો વચ્ચે તર્કના અવાજની જરૂર છે. તમે જે કરો છો તેમાં બંધારણની ભાવનાને સામેલ કરવી જોઈએ. જસ્ટિસ ચંદ્રચૂડે વિદ્યાર્થીઓને કહ્યું કે, તેમાંથી દરેક પાસે તેમની કુશળતાના ક્ષેત્રમાં પરિવર્તનકારી પરિવર્તન લાવવાની ક્ષમતા છે.

# સરકાર ઈન્ફોસિસ સામે રૂા.૩૨,૦૦૦ કરોડની ટેક્સ માંગ પાછી ખેંચશે નહીં : અધિકારી

### અધિકારીએ કહ્યું કે, સરકાર તેના નિર્ણયમાં અડગ છે, કાયદો પોતાનો માર્ગ અપનાવશે, જો કોઈ માંગ હોય તો કંપનીએ તેનું સમાધાન કરવું પડશે

નવી દિલ્હી, તા.૧૦
એક વરિષ્ઠ અધિકારીએ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સંબંધિત કેસમાં મજબૂત પુરાવા ટાંકીને પુષ્ટિ કરી છે કે ભારત સરકાર દિગ્ગજ ઈન્ફોસિસ સામે રૂા. ૩૨,૦૦૦ કરોડની ટેક્સ ડિમાન્ડ પાછી ખેંચશે નહીં, અધિકારીએ કહ્યું, “સરકાર તેના નિર્ણયમાં અડગ છે. કાયદો પોતાનો માર્ગ અપનાવશે. જો કોઈ માંગ હશે, તો કંપનીએ તેનું સમાધાન કરવું પડશે." વધુમાં, વિદેશી શાખાઓ ધરાવતી અન્ય કંપનીઓને પણ આવી જ કરની માંગનો સામનો કરવો પડી શકે છે. ઈન્ફોસિસને રૂા.૩૨,૪૦૩ કરોડની GST નોટિસ મળ્યા બાદ નાસ્કોમે નાણાં મંત્રાલયને સ્પષ્ટતા માટે વિનંતી કરી. તાજેતરમાં ઈન્ફોસિસને તેની વિદેશી પેટાકંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવતી મફત સેવાઓ સાથે જોડાયેલ કરચોરીના આરોપો અંગે GST ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ જનરલ (DGGI) તરફથી આંશિક રાહત મળી છે. જો કે, આ રાહત ટેકનિકલ આધાર ઉપર આપવામાં આવી હતી, કારણ કે ટેક્સની માંગ પાંચ વર્ષની મર્યાદાથી વધી શકતી નથી. ૩૨,૦૦૦ કરોડથી વધુની કરચોરીનો દાવો કરીને ડીજીજીઆઈ દ્વારા ૩૧ જુલાઈના રોજ માંગણી જારી કરવામાં આવી હતી. આના પગલે, ઈન્ફોસિસે જાહેરાત કરી કે કર્ણાટક રાજ્ય સત્તાવાળાઓએ તે જ દિવસે જારી કરાયેલ પૂર્વ-કારણ નોટિસ પાછી ખેંચી લીધી છે અને DGGIની સમીક્ષા માટે કંપની પાસેથી વધારાની માહિતીની વિનંતી કરી છે. તેના બચાવમાં, ઈન્ફોસિસે જણાવ્યું છે કે તેણે તેની તમામ GST ચૂકવણીઓનું સમાધાન કર્યું છે અને દલીલ કરી છે કે DGGIના દાવા તેના કાયદેસરના ખર્ચ સાથે સંબંધિત નથી. કંપનીએ ૩૧ જુલાઈના રોજ ફાઈલિંગમાં તમામ લાગુ કેન્દ્રીય અને રાજ્ય નિયમોનું પાલન કરવા ઉપર ભાર મૂક્યો હતો.

# સોમનાથનો રાઈડ્ઝ વિનાનો શ્રાવણી મેળો જાણે કલગી -પીંછા વગરનો મોર

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૦

આજે જયારે સમગ્ર રાજયમાં ચકડોળ-વિવિધ રાઈડઝો ઉપર નિયમન આવી ગયા છે ત્યારે ભુતકાળના સોમનાથની મેળા-ખેળાની શું સ્થિતી હતી તે સ્મૃતિ વાગોળીએ.

આજથી ૬૦ વર્ષ પહેલા સોમનાથના દરિયા કાંઠે શ્રાવણ માસના દર સોમવારે મેળો ભરાતો હતો. આ મેળામાં લાકડાના ચકડોળ આવતા જેની વચ્ચે ગાડાની ધરી જેવું હોય અને તે ગોળ-ગોળ ફર્યા કરે. ચકડોળના વર્તુળ આકારમાં ઘોડા, હાથી જેવા લાકડાના આકારમાં ગોઠવાયેલા પ્રતિકો ઉપર બાળકો ચકડોળમાં ઘુમવાની મજા લેતા હતા જેને તે સમયમાં લખમણભાઈ અને કાબરાભાઈ હાથના બાવડાથી હલાવી-હલાવી ચકડોળના ચકકક ઘુમાવતા હતા. ચકડોળની ઉંચાઈ માણસના પગની છાતી સુધી સામાન્ય જ રહેતી હતી.

આ જ મેળામાં બઠક પાલખીવાળું ઉપરથી નીચે જાય તેવું ફરતું ચકડોળ પણ હાથથી જ ચલાવવું પડતું જેની પણ બહું ઉંચાઈ ન રહેતી. જો કે જે તે દહાડે તે ડીઝલ મોટરથી પણ શેરડીના સંચાની જેમ ચલાવાતી હતી.

થોડા વર્ષો પહેલા અમદાવાદ કાંકરીયામાં ચકડોળ દુર્ઘટના બની હતી જેથી તે સમયે રાજયભરમાં નિયમન લાગ્યા અને જોગાનુંજોગ સોમનાથનો કાર્તિક પુર્ણિમા મેળો બીજા દિવસે શરૂ થતો હતો જેથી રાઈડઝ વાળાને વહીવટી તંત્ર તરફથી પરવાનગી ન મળી. કોઈ જવાબદારીથી મંજુરી આપવા માગતું ન હતું. આખરે લોકમાંગ, રોષ અનુલક્ષીને પીડબલ્યુડીના તથા ઈલેકટ્રીક ઈન્સ્પેકટરના ચેકીંગ સર્ટી સાથે રાઈડ્ઝ શરૂ થઈ ત્યે જ મેળા રસીકોમાં આનંદ છવાયો. આવી જ રીતે એકવાર સોમનાથનો મેળો કિલ્લાવાળા હનુમાનજી મંદિર પાસે ભરાવવાનું નકકી થતા તે સ્થળ રેતાળ હોય જેથી અત્યારના જાયન્ટ ચકડોળ ફાઉન્ડેશન ટકી ન શકે જેથી ચાલકોએ સ્થળ બદલવા માંગણી કરી અને પછી અનુકુળ સલામતી વ્યવસ્થા સાથે માંડ -માંડ ચકડોળ શરૂ થયા.

સોમનાથના સદ્‌ભાવના મેદાનમાં કાર્તિક પુર્ણિમાના એક મેળામાં જગ્યા અને ભાવ અંગે ચાલકોએ રાઈડઝ ન નાખવા વિચારતા અને તેના વગર મેળો જામે જ નહીં એમ મેળો શરૂ થયા પછીના દિવસે ચકડોળ ફરતા થયા છે.

સોમનાથના મેળામાં અવિનાશ વ્યાસનું ગીત 'ચરચર મારૂં ચકડોળ ચાલે, આજે રોકડા ઉધાર કાલે' અવશ્ય રાત્રી લોકસંગીતમાં કલાકારો ગાતા. અખબારો-ટીવી ન્યુઝોમાં ચકડોળ, મોતનો કુવો, રાઈડસ પ્રથમ દેખાડી મેળાની ઓળખના ન્યુઝ પ્રસારીત-પ્રકાશિત થતા હતા.

# સુરત શહેરના આમરોલી પોલીસ સ્ટેશનના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી પેરોલ ફર્લો સ્કવોડ



જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી નિલેશ જાજડીયાની સૂચના તેમજ જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સિધા માર્ગદર્શન હેઠળ જૂનાગઢ જીલ્લા તેમજ બહારના જિલ્લાના તેમજ બહરાના રાજ્યના અલગ-અલગ પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે નાસતા-ફરતા/પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢી તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની સૂચના આપેલ હોય જે અન્વયે લોકલ ક્રાઈમ બ્રાંચના પો.ઈન્સ જે.જે.પટેલ તથા પેરોલ ફલો સ્કવોડના પો.સબ ઈન્સ. વાચ.પી.હડિયાની સુચના મુજબ પેરોલ ફલો સ્કવોડના માણસો હ્યુમન અને ટેકનીકલ સોર્સના માધ્યમથી સતત પ્રયત્નશીલ હોય. દરમ્યાન સુરત શહેર આમરોલી પો.સ્ટેના પો.સબ.ઈન્સ. જે.જી. કામરીયાએ ટેલીફોનીક જાણ કરેલ કે સુરત શહેર આમરોલી પો.સ્ટેશનના આઈ.પી.સી કલમ ૩૦૬ મુજબના ગુન્હાના કામે પકડવાનો બાકી આરોપી દિપક રમણીકભાઈ સંચાણીયા રહે ખોપાળા ગામ. તા. ગઢડા સ્વામીના બોટાડવાળો હાલ જૂનાગઢ જીલ્લામાં રહેતો હોય જેથી તેઓની તપાસમાં રહેવા જાણ કરેલ હોય જે અન્વયે પેરોલ ફર્લો સ્કવોડ જૂનાગઢની ટીમના એ.એસ.આઈ ઉમેશભાઈ વેગડા તથા પો.કોન્સ. દિનેશભાઈ છૈયા તથા પ્રવિણસિંહ મોરીને સંયુક્ત બાતમી મળેલ કે ઉપરોક્ત ગુન્હાના કામે પકડવાનો બાકી આરોપી દિપકભાઈ રમણીકભાઈ સંચાણીયા હાલ જૂનાગઢ જીલ્લાના તાલુકા પો.સ્ટેશન વિસ્તારના કેરાળા ગામના બસ સ્ટેશન પાસે ઉભો છે અને તેણે શરીરે બ્લુ કલરનું ટી-શર્ટ તથા બ્લુ નાઈટ પેન્ટ પહેરેલ છે. જે હકિકત આધારે તપાસ કરતા ઉપરોક્ત હકિકત વર્ણન વાળો ઈસમ મળી આવેલ હોય જેનું નામ ઠામ પૂછતા પોતે પોતાનું નામ દિપકભાઈ રમણીકભાઈ સંચાણીયા મીસ્ત્રી ઉ.વ. ૪૪ રહે. મુળ વતન ખોપાળા ગામ, તા.ગઢડા સ્વામીના જી.બોટાડ હાલ રહે. કળીયાબીડ સોસા.ભાવનગર વાળો હોવાનું જણાવેલ અને આરોપી ઉપરોક્ત ગુન્હાના કામે છેલ્લા ત્રણેક માસથી નાસતો ફરતો હોવાની કબુલાત આપતો હોય જેથી આરોપીને ઉપરોક્ત ગુન્હાના કામે હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે સુરત શહેરના આમરોલી પો.સ્ટેશનને સોંપવામાં આવેલ છે.

# શ્રી મોટામવા ઓમકાર ટ્રસ્ટ સંચાલિત મોટામવા અને મવડી સ્મશાનગૃહ ખાતે સમુહ અસ્થીપૂજન : પ્રમુખ વિજયભાઈ કોરાટ

## શ્રી મોટામવા ઓમકાર ટ્રસ્ટ સંચાલિત મોટામવા અને મવડી સ્મશાનગૃહ ખાતે સમુહ અસ્થીપૂજન : પ્રમુખ વિજયભાઈ કોરાટ



શ(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૦

શ્રી મોટામવા ઓમકાર ટ્રસ્ટ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન વિવિધ સામાજીક, શૈક્ષણિક અને વિવિધ સેવાકીય પ્રવુતિ કરવામાં આવે છે. જેમાં ગરીબોને ભોજન, ગરીબ બહેનોને નિઃશુલ્ક પવિત્ર તીર્થ ધામોની યાત્રા, હોસ્પિટલોમાં ગરબી દર્દીઓને ફ્રુટ વિતરણ, સેવા વસ્તીમાં ભોજન, ગરીબ બાળકોને સ્કુલ બેગ-બુક-પેન તેમજ વિવિધ પ્રકારની સેવાકીય કામગીરી કરવામાં આવે છે.

ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ કોરાટની માહિતી અનુસાર, મોટામવા ઓમકાર ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમ્યાન જેઓના કાલાવડ રોડ શાંતિધામમાં તેમજ મોટામવા શિવધામમાં આ બંને અગ્નિ સંસ્કાર આપવામાં આવેલ હોય, તેમના અસ્થી પૂજનનું કાર્ય દર વર્ષે કરવામાં આવે છે. અસ્થીપૂજનમાં આવનાર લોકોને ભગવતગીતાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે તેમજ અસ્થીપૂજનમાં આવનાર લોકો માટે ચા-કોફીની વ્યવસ્થા કરવામાં આવે છે.

જે અંતર્ગત દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી મોટામવા ઓમકાર ટ્રસ્ટ સંચાલિત કાલાવડ રોડ શાંતિધામમાં તેમજ મોટામવા શિવધામમાં ખાતે સમૂહ અસ્થીપુજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે જેમાં શાંતિધામ, કાલાવડ રોડ ખાતે અસ્થીપુજન આજ તા.૧૦-૮-૨૦૨૪ને શનિવાર સવારે ૮.૦૦ કલાકથી તેમજ શિવધામ, મવડી ખાતે અસ્થીપૂજન તા.૧૧-૮-૨૦૨૪ને રવિવાર સવારે ૮.૦૦ કલાકથી શરૂ થશે. આસમૂહ અસ્થીપુજન કાર્યક્રમમાં વર્ષ દરમ્યાન જેઓના આત્મજનોને અગ્નિસંસ્કાર આપવામાંઆવેલ છે તેઓના અસ્થીનું બ્રાહ્મણો દ્વારા વિધિવત પૂજન કરાવી સ્મશાનમાં અસ્થીકૃત રખાવી ટ્રસ્ટીઓ દ્વારા તા.૨-૯-૨૦૨૪ના રોજ હરિદ્વારના કનખણ ઘાટ ખાતે હિંદુ વિધિ પ્રમાણે પૂજનવિધિ કરી ગંગામાં પધરાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં જે લોકોએ પોતાના આત્મજનોના અસ્થી વિસર્જન પોતાના હસ્તે હરિદ્વાર ખાતે કરવા હોય તેઓએ આકાર્યક્રમના દિવસે ટ્રસ્ટના પ્રમુખ વિજયભાઈ કોરાટ (મો.૯૮૯૮૭ ૦૦૦૫૦)ને અગાઉથી જાણ કરવાની રહેશે.

# જલ શક્તિ અભિયાન - કેચ ધ રેઈન, ૨૦૨૪ના સંદર્ભમાં કેન્દ્રીય નોડલ અધિકારીએ દીવની મુલાકાત લીધી



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૦

જલ શક્તિ અભિયાન - કેચ ધ રેઈન, ૨૦૨૪ના સંદર્ભમાં કેન્દ્રીય નોડલ અધિકારીએ દીવની મુલાકાત લીધી અને જળ સંચયના માળખાનું નિરીક્ષણ કર્યું હતું. નોંધનીય છે કે જલ શક્તિ અભિયાન - કેચ ધ રેઈન, ૨૦૨૪ના સંદર્ભમાં ફિલ્ડ વિઝિટ માટે કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલય, કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા નિયુક્ત કેન્દ્રીય નોડલ અધિકારી પંકજ શ્રીવાસ્તવ દિવ પહોંચ્યા છે. ત્રણ દિવસની મુલાકાતે તેમની સાથે ટેકનિકલ ઓફિસર નરેશકુમાર જાટવ, વૈજ્ઞાનિક 'ડી' પણ આવ્યા છે. જણાવી દઈએ કે જલશક્તિ અભિયાનનો ઉદ્દેશ્ય પાણીની અછત અથવા સંકટને દૂર કરવાનો અને પાણીની સ્વચ્છતામાં સુધારો કરવાનો છે જેથી ભૂગર્ભ જળનું સ્તર વધી શકે અને વોટર રિચાર્જિંગ દ્વારા બોરવેલ જેવા જળાશયોમાં પાણીની પૂરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાય, તળાવો વગેરે આ ક્રમમાં તા.૭/૮/૨૦૨૪ ના રોજ, દીવ કલેક્ટર શ્રીમતી ભાનુ પ્રભાની હાજરીમાં દીવ કલેક્ટર કચેરીના ઓડિટોરિયમમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કેન્દ્રીય નોડલ ઓફિસર અને તેમની કેન્દ્રીય ટીમ સાથે અધિક જિલ્લા કલેક્ટર ડો.વિવેકકુમાર, નાયબ કલેક્ટર શિવમ મિશ્રા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં, JSA CTR-૨૦૨૪ હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવતી અને કરવાની પ્રવૃત્તિઓની વિગતો જિલ્લા સત્તાવાળાઓ દ્વારા PPT દ્વારા દર્શાવવામાં આવી હતી.

ઉપરાંત તા.૮-૮-૨૦૨૪ના રોજ, કેન્દ્રીય નોડલ અધિકારીએ તેમની કેન્દ્રીય ટીમ સાથે દીવના શહેરી વિસ્તારમાં વિવિધ જળ સ્ત્રોતો જેવા કે તળાવો, જળ સંચયના માળખા વગેરેની ફિલ્ડ વિઝિટ અને નિરીક્ષણ કર્યું હતું અને કેન્દ્રીય ટીમે માહિતી આપી હતી. જલ શક્તિ વિશે જિલ્લા સત્તાવાળાઓએ માહિતી આપી હતી. આ ઉપરાંત સેન્ટ્રલ નોડલ ઓફિસર અને તેમની કેન્દ્રીય ટીમે વહીવટીતંત્ર દ્વારા પાણી રિચાર્જ જેવા કે રેઈન વોટર હાર્વેસ્ટિંગ વગેરે માટે કરવામાં આવતા કામોનું પણ નિરીક્ષણ કર્યું હતું.

# સુખનાથ ચોકમાં કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા. ૧૦

દર વર્ષની જેમ આ વર્ષે પણ કોમી એકતા રાષ્ટ્રીય એકતા સમિતિ જૂનાગઢ દ્વારા બંધારણના મુળભુત સંવિધાનિક અધિકારો તેમજ કોમી એકતા રાષ્ટ્રીય એકતાને મજબુત કરી જનજાગૃતિ માટે રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગષ્ટની ઉજવણીના કાર્યક્રમનું તા.૧૫-૮-૨૪ ને ગુરૂવારે સવારે ૧૦.૧૫ કલાકે સુખનાથ ચોક જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. જેમાં સીપીએમના મંત્રી તથા એડવોકેટ જીસાન હાલેપૌત્રા અને વહાબભાઈ કુરેશીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે. મુખ્ય મહેમાન પદે સીપીએમના બટુકભાઈ મકવાણા, માજી કોર્પોરેટર ઈબ્રાહીમભાઈ કુરેશી, સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકના તંત્રી અભિજીતભાઈ ઉપાધ્યાય, સોહેલ સિદીકી, અબ્બાસ કુરેશી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. આ રાષ્ટ્રીય પર્વમાં શહેરીજનોને હાજરી આપી દેશ પ્રત્યેની રાષ્ટ્રીય ભાવના વ્યકત કરવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# દીવ જીલ્લામાં ટીમ મિશન શક્તિ દ્વારા સાઈબર સુરક્ષા અને સલામતી અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૦

દીવ જીલ્લામાં ટીમ મિશન શક્તિ દ્વારા સાઈબર સુરક્ષા અને સલામતી અંતર્ગત એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એજ્યુકેશન હબ દીવના આર્ટસ તેમજ એન.એસ.એસ યુનિટના વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવેલ. આજના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે દીવ જિલ્લાના કલેકટર શ્રીમતી ભાનુ પ્રભા તથા સીડીપીઓ શ્રીમતી ગાયત્રી જાટ, કોસ્ટલ પોલીસ સ્ટેશનના એસએચઓ નિલેશ કાટેકર તથા કોન્સ્ટેબલ સાઈબર સેલ દીવના કુ. મિતલબેન રાઠોડ, એજ્યુકેશન હબ દીવના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.હર્ષદ ચૌહાણ તથા કોલેજના પ્રોફેસરની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શુભ શરૂઆત કલેકટર દીવ શ્રીમતી ભાનુ પ્રભાના ઉદબોધન દ્વારા કરવામાં આવી જેમાં વર્તમાન સમયમાં વ્યાપક રીતે વ્યાપ્ત સાઈબર ગુનાઓ તથા તેનાથી બચવાની યુક્તિઓ વિશે કહેવામાં આવ્યું હતું ત્યારબાદ સાઈબર સેલ દીવના કોન્સ્ટેબલ મિતલબેન દ્વારા સાઈબર ગુનાઓ વિષયક વકતવ્ય આપવામાં આવ્યું. સાઈબર ગુનાઓ શું છે તેના પ્રકાર, સાવચેતીના પગલાં વિશે સમજાવ્યું. ઉપરાંત પીએસઆઈ નિલેશ કાટેકર દ્વારા સોશિયલ મીડિયા દ્વારા થતાં ગુનાઓ વિશે ચર્ચા કરી. વોટસએપ, ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયાનો મર્યાદિત ઉપયોગ કરવો જોઈએ તથા પોલીસ વિભાગમાં આવતા વિવિધ કેસો તથા કેસોના ઉકેલ માટે કરવામાં આવતા પ્રયત્નો વિશે જણાવ્યું તેમના પોતાના સાઈબર ગુનાઓને લગતા કેસોના અનુભવો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. ફોટો એડિટિંગ એપ તથા વિડિયો એપ નો ઉપયોગ કરતા પહેલા સાવચેતી રાખવી. સાઈબર ગુનાને લગતા ફિલ્મ વિશે પણ માહિતી આપી. દીવ જિલ્લાના યુવાઓ સાઈબર ગુના વિશે જાગૃત અને સતર્ક રહે તે માટે સૂચનો આપવામાં આવ્યા. આજના કાર્યક્રમમાં બાળ વિકાસ પ્રોજેકટના શ્રીમતી ગાયત્રીબેન જાટના માર્ગદર્શન હેઠળ મિશન શક્તિ દીવના નિસર્ગ ઉપાધ્યાય (જિલ્લા મિશન કો ઓર્ડીનેટર), નિલેશ કાટેકર (એસ એચ ઓ, વનાકબારા), એજ્યુકેશન હબના કોકિલા મેડમ, હરેશ સોલંકી (હેડ કોન્સ્ટેબલ સાઈબર સેલ દીવ)ના સહયોગથી સમગ્ર કાર્યક્રમ બનાવવામાં આવ્યો.

# ચેક રીટર્ન અંગેના કેસમાં આરોપીને બે વર્ષની સજાનો હુકમ ફરમાવતી ઉના કોર્ટ

ઉના તા. ૧૦

ઊના તાલુકાના નવાબંદર ગામના ધીરૂભાઈ સામતભાઈ સોલંકીએ ગત ૨૦૨૨ના ઊના શહેરમાં ઉપલા રહીમનગરમાં રહેતા સલીમ અલ્લારખા મન્સૂરીને બોટનો જૂનો સામાન ઝાળ દોરડું રૂપિયા ૧ લાખ ૬૫ હજાર રૂપિયામાં વેચેલ હતું અને સલીમભાઈ ખરીદી અને રોકડા રૂા.૩૫૦૦૦/આપેલ હતા અને બાકીની રકમના રૂા.૧,૧૫૦૦૦ અને રૂા.૧૫૦૦૦/ ના ચેક બે તા.૧૦/૪/૨૨ના આપેલ હતા. ધીરૂભાઈએ ચેક બેંકમાં પોતાના ખાતામાં જમાં કરાવતા બન્ને ચેક બેલેન્સ પૂરતું નથી તેથી ચેક રિટર્ન થયા હતા. આ અંગે ઊનાની નામદાર એડિશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં ફરિયાદ સલીમ અલ્લારખા મન્સૂરી સામે દાખલ કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલતા ફરિયાદી પક્ષએ વકિલ પી.બી. બારૈયાએ પુરાવાઓ સાથે ધારદાર દલીલો કરતા કેસ ચાલી જતાં પુરાવા માન્ય ગણી ઊનાની નામદાર એડિશ્નલ ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટના જજ વિજયકુમાર આર. સોલંકીએ આરોપી સલીમ અલ્લારખા મન્સૂરી રે. ઊનાવાળાને તકસિરવાન ઠરાવી બે વર્ષની સાદી કેદ અને રૂા.૧,૩૦,૦૦૦ પૂરા એક મહિનામાં ચૂકવી આપવા અને રકમ જમાં ના કરાવે તો ત્રણ માસની વધુ સાદી કેદની સજા આપતો ચુકાદો આપ્યો છે.

# અકસ્માતનો ભોગ બનનારની પોલીસે ફરીયાદ ન લેતા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં સમાવવા રજુઆત

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢમાં અકસ્માતનો ભોગ બનનારની ફરીયાદ પોલીસે ન લેતા મુખ્યમંત્રીના સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં આ ફરીયાદને સમાવવા અંગે જૂનાગઢ જીલ્લા કલેકટરને પત્ર પાઠવી લેખિત રજુઆત કરેલ છે.

આ પત્રમાં અરજદાર હસીનાબેન ખેભરએ જણાવેલ છે કે મારા પતિ મુસ્તાકભાઈ ખેભરનું તા.૧૨-૭-૨૪ ના રોજ વાહન અકસ્માત થયેલ જેમાં તેઓને કમરના ભાગે મણકામાં ગંભીર ઈજાઓ થતા સંપુર્ણ પથારીવશ છે. દરમ્યાન તા.૧૭-૭-૨૪ ના રોજ સદરહું અકસ્માતની ફરીયાદ બાબતે તપાસ કરતા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીને ટેલીફોનીક સંપર્ક કરતા તેઓ તરફથી એવો જવાબ આપવામાં આવેલ કે આવા તો ઘણાં અકસ્માતો રોજ બનતા હોય છે અમે કેટલી જગ્યાએ પહોંચીએ, તેવું જણાવતા અમોએ એમ કહેલ કે મારા પતિ સંપુર્ણ પથારીવશ હોય સિવીલ હોસ્પીટલ પોલીસ ચોકીના નિવેદન અને એમએલસી રીપોર્ટના આધારે ફરીયાદ લઈ લો, ત્યારે જે તે પોલીસ કોન્સ્ટેબલે જણાવેલ કે તમારે રૂબરૂ ફરીયાદ માટે આવવું જ પડે, ફરીયાદીને વ્હીલચેરમાં અથવા એમ્બ્યુલન્સમાં લઈને આવો. આવો બેજવાબદારી ભર્યો જવાબ આપેલ હતો. તેમ છતાં અમોએ તા.૨૩-૭-૨૪ના રોજ મારા પતિની સહીથી તાલુકા પોલીસ સ્ટેશન જૂનાગઢને લેખિત ફરીયાદ પણ મોકલાવેલ છે તેમ છતાં આજ દિન સુધી એફઆઈઆર નોંધવામાં આવેલ ન હોય જેથી આ બાબતે મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં ફરીયાદ અરજી કરેલ છે.

# ભગવાન શિવજીના મસ્તક ઉપર ચંદ્રએ સ્થાન પ્રાપ્ત કર્યું



## શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ

દેવેન કનકચંદ્ર વ્યાસ

આપણે સૌ જાણીએ છીએ કે, ભગવાન શિવજીના મસ્તક ઉપર ચંદ્ર બિરાજે છે. જાણે ભગવાન શિવજીના મુકુટ સ્વરૂપ તે બિરાજતા હોય તેવું દ્રશ્ય ખડું થાય છે. આ અંગે એક કથા છે. દેવો અને દાનવો દ્વારા અમૃત પ્રાપ્તી માટે સમુદ્ર મંથન કરવામાં આવ્યું. ત્યારે તેમાંથી વિવિધ વસ્તુઓ નિકળવા લાગી. દેવો અને દાનવો વચ્ચે તે વસ્તુઓની વારાફરતી વહેચણી થવા લાગી. જ્યારે હળાહળ ઝેર નિકળ્યું ત્યારે સૌ ગભરાઈ ગયા. હવે આ ઝેર કોઈ ગ્રહણ ન કરે તો તે ત્રિલોકમાં ફેલાઈ જાય. જેને કારણે સમગ્ર સૃષ્ટિના અસ્તિત્વ ઉપર જોખમ ઉભું થાય. આવા સંજોગોમાં ભગવાન શિવજી આ હળાહળ વિષ ગ્રહણ કરવા તૈયાર થયા. તેમણે વિષપાન કર્યું. તે તેમણે ગળામાં ધારણ કરી લીધું. પરંતુ તેનો પ્રભાવ તેમના આખાય શરીર ઉપર વર્તાવા લાગ્યો. તેમના શરીરમાં અસહ્ય ગરમી ફેલાઈ ગઈ. આ દ્રશ્ય શિતળતા સભર ચંદ્ર દેવે જોયું. તેમણે ભગવાન શિવજીને પ્રાર્થના કરી કે, 'હે દેવોના દેવ મહાદેવ, કરૂણા નિધાન તમે મને તમારા મસ્તકમાં બેસવા માટે રજા આપો. જેથી માર શિતળતાને કારણે તમારા શરીર ઉપર વિષના કારણે ફેલાયેલ ગરમીમાં તમને શાંતિ અનુભવાશે. પ્રથમ તો ભગવાન શિવજીએ ચંદ્ર દેવને આ માટે રજા ન આપી. તેમણે કહ્યું, 'હે ચંદ્ર, તારો શ્વેત રંગ અને તારી શિતળતા ઝેરના કારણે ઉત્પન્ન થયેલી ગરમીને સહન કરી શકે. માટે તું આ સાહસ કરવાનું રહેવા દે. પરંતુ પછી ચંદ્રદેવે શિવજીને સ્તૃતિ કરી વિનંતી કરી. તેમની સાથે દેવો પણ જોડાયા. તેમની સ્તૃતિથી પ્રસન્ન થઈ શિવજી એ ચંદ્રદેવની વિનંતીનો સ્વીકાર કરી તેમને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યા. ભગવાન શિવજીને શાંતિ પ્રાપ્ત અને ચંદ્રદેવને શિવજીના મસ્તક ઉપર સ્થાન પ્રાપ્ત થયું. તેથી ચંદ્રદેવના વાર સોમવારને ચંદ્રદેવ સાથે જોડી આ દિવસે ભગવાન શિવજીની પુજા કરવાનો વિશેષ મહિમા છે. પુનમના ચંદ્રદેવના દર્શન કરવાથી તેમાં નિલીમા જોવા મળે છે. જેનો મહિમા આ કથા સાથે જોડાયેલ છે. એક માન્યતા પ્રમાણે સંકષ્ટ ચતુર્થીનું વ્રત કરનારને કોઈ કારણ સર ચંદ્ર દેવના દર્શન ન થાય તો તેઓ શિવજીના મસ્તક ઉપર ચંદ્ર દેવના દર્શન કરી વ્રત પરિપૂર્ણ કરે છે.

# શ્રાવણ મહિના પહેલાં શનિવારે શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દિવ્ય ફ્રુટના વાઘા તથા સિંહાસને ૧ હજાર કિલો મિક્ષ ફળોનો શણગાર કરાયો



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૧૦

શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલધામના ઉપલક્ષમાં શ્રાવણમાસ ભવ્ય મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પણ શ્રાવણ મહિનાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. પ.પૂ. શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી પ્રેરણા અને કોઠારી શ્રી વિવેકસાગર સ્વામીના માર્ગદર્શનથી દાદાને દિવ્ય ફ્રુટના વાઘા અને સિંહાસને ૧ હજાર કિલો ફળોનો શણગાર કરાયો છે. આજે સવારે મંગળા આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી તથા શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગર સ્વામી (અથાણાવાળા) દ્વારા કરવામાં આવી હતી. આજે મોટી સંખ્યામાં ભક્તોએ દાદાના વિશેષ દર્શનનો લ્હાવો લીધો હતો. મહત્વનું છે કે, આજે બપોરે ૧૧ કલાકે દાદાને શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને સફરજન, કેળા, તરબૂચ, અનાનસ, મોસંબી, નારંગી, દ્રાક્ષ, જામફળ સહિત કુલ ૧૦૦૦ કિલો ફળોનો અન્નકૂટ પણ ધરાવાયો છે. આજે દાદાને કરાયેલાં શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું હતું કે, આજે હનુમાનજીને શ્રાવણ માસના પહેલાં શનિવારે નિમિત્તે દિવ્ય વાઘા અને સિંહાસને ફળોથી શણગાર કરાયો છે. જેમાં કુલ ૩૪ પ્રકારના ફળ છે. આ તમામ ફળ અમદાવાદથી મંગાવ્યા છે. દાદાના સિંહાસને ફળનો શણગાર કરતાં ૬ સંતો, પાર્ષદ અને ભક્તોને ૪ કલાકનો સમય લાગ્યો હતો. આ તમામ ફ્રુટ ભક્તોને પ્રસાદમાં આપવામાં આવશે. શ્રાવણ માસ દરમ્યાન દરરોજ સવારે ૭થી ૧૦ વાગ્યે યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ માસ દરમ્યાન શ્રીહરિ મંદિર દિવ્ય હિંડોળાના અનેરા દર્શનનો લાભ હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર જૂનાગઢની દીકરીઓએ રિજિયોનલ સાયન્સ સેન્ટર ભાવનગરની મુલાકાત લીધી

જૂનાગઢ, તા.૧૦

સાયન્સ સેન્ટર એ વિજ્ઞાન, ટેકનોલોજી, ગણિત અને એન્જિનિયરિંગ માટે અસરકારક શૈક્ષણિક સુવિધા પૂરી પાડે છે. વિજ્ઞાન, સંશોધન અને ટેક્નોલોજીના વિવિધ પ્રદર્શનો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને બાહ્ય કાર્યક્રમોના માધ્યમથી માનવ કલ્યાણ અને પર્યાવરણ માટે સામાન્ય લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ જાગૃત કરવા અને તેને ટકાવી રાખવાનો સાયન્સ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ છે.

સાયન્સ સેન્ટરના મૂળભૂત ઉદ્દેશોને સફળ બનાવવા માટે ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજીએ ગુજરાતમાં પાંચ સેન્ટરોની સ્થાપના કરી છે, જે પૈકી સને ૨૦૨૨માં ભાવનગર ખાતે અદ્યતન રિજિયોનલ સાયન્સ સેન્ટરનું લોકાર્પણ આપણાં માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે. તે સૌરાષ્ટ્રની યુવા પેઢીઓને વિજ્ઞાન શિક્ષણ સાથે વધુમાં વધુ પ્રમાણમાં જોડવા, શિક્ષિત કરવા અને સશક્ત બનાવવાનું એક નુતન કેન્દ્ર છે. આ કેન્દ્રમાં નોબલ પ્રાઇસ ગેલેરી, ઈલેક્ટ્રો મિકેનિક્સ ગેલેરી, બાયો-સાયન્સ ગેલેરી, ઓટોમોબાઈલ ગેલેરી, મરીન એક્વાટિક ગેલેરી, જંગલ રાઈડ, સી રાઈડ અને ફલાઈટ સિમ્યુલેટર જેવા વિશિષ્ટ આકર્ષણો છે.



બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર-જૂનાગઢના કો-ઓર્ડિનેટર પ્રતાપસિંહ ઓરાના માર્ગદર્શન હેઠળ માતૃશ્રી એમ.જી.ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢમાં અભ્યાસ કરતી દીકરીઓએ તા.૮-૮-૨૦૨૪ને ગુરૂવારના રોજ "રિજિયોનલ સાયન્સ સેન્ટર-ભાવનગરની મુલાકાત" લીધી હતી. આ મુલાકાતમાં શાળાના કર્મચારીઓ હેતલબેન લશ્કરી, ખુશ્બુબેન બકોત્રા, ધનજીભાઈ કામળીયા અને કમલેશભાઈ પોંકિયા સહભાગી બન્યા હતા અને તેનું પ્રસ્થાન શાળાના આચાર્યા જયશ્રીબેન રંગોલિયાએ કરાવ્યું હતું. ઉક્ત મુલાકાત સબબ સંસ્થાના ચેરમેન જે.કે.ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી સુશ્રી મૃણાલીનીબેન ગોધાણી, કેમ્પસ ડાયરેકટર સી.પી.રાણપરિયા સહિત ટ્રસ્ટીઓ અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# સનાતન ધર્મને ગીતા જ્ઞાન દ્વારા વિશ્વને આપનાર ભગવાન શ્રી કૃષ્ણ જીવન અને લીલા ઉપર મેગા મ્યુઝિકલ ઈવેન્ટ રાજાધીરાજનું રિલાયન્સ ગ્રુપના ધનારાજ નથવાણી દ્વારા આયોજન




(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૧૦

દ્વાપરયુગમાં જન્મ લઈ દુનિયાને ભવિષ્યનો ચીતાર દર્શાવી તેમાં જીવન કેમ જીવવું તેના જ્ઞાનનો ભંડાર શ્રી ગીતા દ્વારા આપનાર ભગવાન શ્રી કૃષ્ણની રાજધાની અને કર્મભૂમિ તેવી દ્વારકાભૂમિમાં આવેલા તેમના મંદિરના ટ્રસ્ટ દ્વારકા દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ અને એશિયાની સૌથી મોટી પેટ્રોલિયમ રીફાઈનરીના કોર્પોરેટ બોર્ડ મેમ્બર અને રાજ્યસભાના ત્રણ ટર્મથી સંસદ તરીકે સેવા આપતા પરિમલ નથવાણીના પુત્ર ધનરાજ નથવાણી દ્વારા વિશ્વમાં પ્રથમ વખત વિશ્વને ભગવાન શ્રી કૃષ્ણના જીવન લીલાં અને તેમના દ્વારા શ્રી ગીતા સ્વરૂપે આપવામા આવેલ જ્ઞાનના ભંડાર પ્રેમ-જીવન- લીલાં **Love-Life-Leela**ને મ્યુઝિકલ સ્વરૂપે રજુ કરવાનો શાનદાર કાર્યક્રમ મુંબઈ ખાતે નીતા અંબાણી કોમ્યુનીટી સેન્ટર ખાતે રાખવામા આવેલ છે. જેના એક્ઝિક્યુટીવ પ્રોડ્યુસર ભૂમિબેન નથવાણી, ડાયલોગ અને ગીત પદમશ્રી એવોર્ડ વિજેતા પ્રસુનભાઇ જોષી, ડાયરેક્ટ શ્રુતિબેન શર્મા, મ્યુઝિક સચીનભાઈ અને જીગરભાઈ, સ્ટોરી રિસર્ચ રામભાઈ મોરીના સંગાથે આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન આગામી તારીખ ૧૩-૮-૨૦૨૪ના સાંજે ૬ કલાકે નીતા અંબાણી ગ્રાન્ડ થિયેટર મુંબઈ ખાતે રાખી વિશ્વને સનાતન ધર્મના પાયા સ્વરૂપનું ગીતા જ્ઞાન આપનાર ભગવાન શ્રી કૃષ્ણ ચરિત્રના પ્રેમ- જીવન- લીલાને વિઝ્યુઅલ અને મ્યુઝિકલ સ્વરૂપે રજુ કરવામાં આવશે.

# ૧૯ ઓગસ્ટ સોમવારે રક્ષાબંધન જાણો કયા કલરની રાખડી શુભ છે તથા સમયની યાદી

શ્રાવણ સુદ પુનમ ને સોમવાર તા.૧૯/૮/૨૦૨૪ના દિવસે રક્ષાબંધન છે. તથા આ જ દિવસે શ્રાવણી પર્વ પણ છે આથી ભુદેવો તથા અન્ય જે લોકો યજ્ઞોપવિત ધારણ કરે છે તેઓ એ આ જ દિવસે યજ્ઞોપવિત એટલે કે જનોઈ વિધિ સર બદલાવાની રહેશે.

રક્ષાબંધનના દિવસે બપોરે ૧:૩૧ શુધી વિષ્ટી કરણ હોતા રાખડી બાંધવા માટે વિષ્ટિ કરણને દોષ કારક માનવામાં આવે છે. આથી બપોરના ૧:૩૧ પછી રાખડી બાંધવી શુભ રહેશે જ્યારે જનોઈ બદલાવા માટે વિષ્ટી કરણ દોષ કારક ગણાતું નથી આથી સોમવારે સવારે જનોઈ બદલાવી શુભ રહેશે. જયોતિષ તથા પંચાગના રક્ષાબંધનના દિવસે શાસ્ત્ર તથા પુરાણ પ્રમાણે જોઈએ તો બધા જ કલરની રાખડી શુભ જ ગણાય છે. પરંતુ સાથે જયોતિષ પ્રમાણે રાશિ પ્રમાણે કયા કલરની રાખડી બહેનો એ ભાઈને બાંધવી વધારે ઉત્તમ ગણાય તે રજુ કરેલ છે.

૧. મેષ(અ.લ.ઈ.) : લાલ તથા પીળા કલરની રાખડી બાંધવી શુભ છે. ૨. વૃષભઃ (બ.વ.ઉ.) સફેદ અથવા મિકસ કલરની રાખડી બાંધવી શુભ છે. ૩. મિથુન (ક.છ.ઘ.) : લીલા અથવા બ્લુ રંગની રાખડી બાંધવી શુભ છે. ૪. કર્ક (ડ.હ.) : સફેદ અથવા લાલ રંગની રાખડી બાંધવી શુભ છે. ૫. સિંહ (મ.ટ.) : પીળા અથવા ગુલાબી રંગની રાખડી બાંધવી શુભ છે. ૬. કન્યા (પ.ઠ.ણ.) : લીલા અથવા જાંબલી રંગની રાખડી બાંધવી શુભ છે. ૭. તુલા (ર.ત.) : બ્લુ અથવા સફેદ રંગની રાખડી બાંધવી શુભ છે. ૮. વૃશ્ચિક (ન.ય.) : લાલ રંગની રાખડી બાંધવી શુભ છે. ૯. ધન (ભ.ફ.ધ.) : કેસરી અથવા પીળા રંગની રાખડી બાંધવી શુભ છે. ૧૦. મકર (ખ.જ.) : બ્લુ અથવા લીલા રંગની રાખડી બાંધવી શુભ છે. ૧૧. કુંભ (ગ.શ.સ.) : બ્લુ અથવા જાંબલી રંગની રાખડી બાંધવી શુભ છે. ૧૨. મીન (દ.ચ.ઝ.થ.) : પીળા અથવા કેસરી રંગની રાખડી બાંધવી શુભ છે.

(શાસ્ત્રી રાજદીપ જોષી-વેદાંત રત્ન)

# કેશોદ પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે એકને ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૧૦

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના મુજબ કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી. સી. ઠક્કરના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર નીલેષ ઈગરોડીયાની સુચના મુજબ પવિત્ર શ્રાવણ માસમાં દારૂ જુગારની બદી અટકાવવા તમામ બીટ જમાદાર અને સર્વેલન્સ સ્ટાફને વોચ રાખવા રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરવા કામગીરી સોપેલ હોય ત્યારે રેવદ્રા ગામ નવો પ્લોટ વિસ્તાર ઉદયભાઈ રાજેશભાઈ સોલંકી રહેવાસી રેવદ્રા ભારતીય બનાવટનો વિદેશી દારૂ આર્થિક લાભ મેળવવા વેચાણ કરતો હોવાની ખાનગી રાહે માહિતી કેશોદ પોલીસ સ્ટેશનના એએસઆઈ પી. જી. કોડીયાતર, પોલીસ હેડ કોન્સ્ટેબલ શબ્બીરભાઈ યુ. દલ, પોલીસ કોન્સ્ટેબલ રવિભાઈ જગદીશભાઈ ધોળકિયા, વિનયસિંહ કાળુભાઈ સિસોદિયા, અજયસિંહ કલ્યાણસિંહ ચુડાસમાને મળતાં પંચોને બોલાવી સમજ આપી બાતમીના સ્થળે પહોચતા એક યુવાન હાજર હોય જેની પુછપરછ કરતાં પોતાનું નામ ઉદયભાઈ રાજેશભાઈ સોલંકી જણાવ્યું હતું ત્યારે મકાનમાં ત્રણ સફેદ કલરના બાચકાં પડેલાં નજરે પડતાં તપાસ કરતાં ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નંગ ૩૫ કિંમત રૂપિયા ૧૪૦૦૦/- મળી આવેલ જેની પાસ પરમીટ ન હોય મુદામાલ કબજે કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી કેશોદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ એએસઆઈ પેથાભાઈ ઘેલાભાઈ કોડીયાતર ચલાવી રહ્યા છે.

# ખંભાળિયા : સગીરાના અપહરણ પ્રકરણના પાકા કામના ફરાર આરોપીને એલસીબી પોલીસે દબોચી લીધો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

ખંભાળિયામાં આવેલા યોગેશ્વરનગર વિસ્તારમાં રહેતા મનોજ ઉર્ફે મનીયો વીરકુમાર ઉર્ફે રાજુભાઈ કેસરી નામના શખ્સ સામે આશરે બે વર્ષ પૂર્વે સ્થાનિક પોલીસ મથકમાં એક સગીરાના અપહરણ સબબ પોક્સો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. આ અંગેનો કેસ અહીંની અદાલતમાં ચાલી જતા નામદાર અદાલત દ્વારા આરોપી મનોજ ઉર્ફે મનીયો કેસરીને દસ વર્ષની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રાજકોટ જિલ્લા જેલમાં રહેલા ઉપરોક્ત આરોપીને સાત દિવસની પેરોલ રજા મળતા તેને તારીખ ત્રીજી જુલાઈના રોજ પરત હાજર થવાનું હતું. તેના બદલે પેરોલનો સમય ગાળો પૂર્ણ થઈ ગયો હોવા છતાં પણ તે પરત હાજર ન થતાં ફરાર થઈ ગયો હતો. જે સંદર્ભે દેવભૂમિ દ્વારકા જિલ્લા એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલના વડપણ હેઠળ એલ.સી.બી.ની ટીમના એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, અરજણભાઈ મારૂ તથા ગોવિંદભાઈ કરમુરને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત આરોપીને ખંભાળિયામાં રેલવે સ્ટેશન પાસેથી ઝડપી લઈ, તેને રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરવામાં આવી હતી.

# ખંભાળિયામાં "એક પેડ માં કે નામ": ૨૦૦ જેટલા વૃક્ષોનું એક સાથે વાવેતર કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૦

પ્રકૃતિની રક્ષા અર્થે 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા "એક પેડ માં કે નામ" અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ભાણવડની મામલતદાર કચેરી ખાતે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓએ મળીને ૨૦૦ જેટલા વૃક્ષોનું એક સાથે વાવેતર કર્યું હતું. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વ આજે ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનો સામનો કરી રહ્યું છે. ત્યારે પ્રકૃતિનું રક્ષણ કરવા માટે વૃક્ષોનું વાવેતર કરવું જરૂરી છે. પરંતુ માત્ર વૃક્ષનું વાવેતર જ નહીં પરંતુ તેનું જતન કરવું પણ ખૂબ જ આવશ્યક છે. વડાપ્રધાન





નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વ પર્યાવરણ દિવસે "એક પેડ માં કે નામ" અભિયાન શરૂ કરાવ્યું અને દરેક નાગરિકોને પોતાના માતાને સમર્પિત એક વૃક્ષ વાવવા આહવાન કર્યું છે. માત્ર વન વિભાગ જ નહીં પરંતુ જો દરેક નાગરિક જોડાઈને વૃક્ષનું વાવેતર કરે અને તેનું જતન કરે તો અવશ્ય આપણે હરિયાળું ગુજરાત બનાવી શકશું. દ્વારકાથી સોમનાથ કોસ્ટલ હાઈવેની બન્ને બાજુ વન વિભાગ અને સદભાવના વૃદ્ધાશ્રમના સંયુક્ત ઉપક્રમે આશરે ૪૦ હજાર જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. "એક પેડ માં કે નામ" અભિયાન હેઠળ આપણા ઘરે, ગામમાં, ખેતરના શેઢે, જાહેર સ્થળોમાં વૃક્ષો વાવીને પર્યાવરણનું જતન કરવાની તેમણે અપીલ કરી હતી. સ્વાગત પ્રવચન તાલુકા વિકાસ અધિકારી નવીન બૈડીયાવદરા દ્વારા તેમજ આભારવિધિ આર.એફ.ઓ. પટેલ દ્વારા કરવામાં આવી હતી.

# હાપા-મુંબઈ (દુરોન્તો) એકસપ્રેસ ટ્રેન દ્વારકા સુધી લંબાવવા દ્વારકા શહેર ભાજપ પ્રમુખ તથા રેલવે સલાહકાર સમિતિના સદસ્ય વિજય બુજડ દ્વારા ઉચ્ચ સ્તરીય રજુઆત

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૦

રેલવેતંત્ર દ્વારા યાત્રિકોની સુખાકારી માટે યાત્રાધામ દ્વારકાને અન્ય યાત્રાધામ સાથે જોડતી ટ્રેનોની સુવિધા બહોળા પ્રમાણમાં ફાળવવામાં આવેલ છે. જેના કારણે દ્વારકા તીર્થક્ષેત્રમાં બહોળી સંખ્યામાં યાત્રિકોની અવર-જવર રહે છે. સતત ટ્રાફીકને કારણે ટ્રેનોનું બુકીંગ કાયમી ધોરણે હાઉસફુલ રહે છે. ત્યારે હાપાથી ઉપડતી હાપ-મુંબઈ ટ્રેનને દ્વારકા અથવા ઓખા સુધી લંબાવવા શહેર ભાજપ પ્રમુખ તથા દ્વારકા રેલવે સલાહકાર સમિતિના સદસ્ય વિજય બુજડે રાષ્ટ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ, સાંસદ પૂનમબેન માડમ તથા પશ્ચિમ રેલવે ડીવીઝનલ મેનેજર રાજકોટને લેખિત રજુઆત કરેલ છે. રજુઆતમાં જણાવેલ છે કે હાપા-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે ચાલતી (દુરોન્તો) એકસપ્રેસ ટ્રેન નં.૧૨૨૬૮ જે હાપાથી રાત્રિના ૮-૦૫ કલાકે ઉપડે છે જે બીજા દિવસે મુંબઈ સવારે ૮-૦૦ કલાકે પહોંચે છે અને મુંબઈથી રાત્રિના ૧૧-૦૦ કલાકે ઉપડી હાપા સવારે ૧૦-૪૦ કલાકે પહોંચે છે. બાદમાં આશરે ૯-૨૦ કલાક સુધી આ ટ્રેન હાપા સ્ટેશને ફાજલ પડી રહે છે. જો આ ટ્રેનને દ્વારકા અથવા ઓખા સુધી લંબાવવામાં આવે તો રેલવેતંત્રને આર્થિક ફાયદો પણ થાય અને સાથે



સાથે દ્વારકાથી મુંબઈ જતા યાત્રિકો તથા સ્થાનીકોને પણ મુંબઈ સુધી જવાની વધુ એક ટ્રેનની સુવિધા ઉપલબ્ધ થાય તેમ છે. તેથી ટ્રેન લંબાવવા સત્વરે નિર્ણય લેવા રજુઆતમાં જણાવેલ છે.

# એન.ડી.સી. જામનગર મુકામે પ્રોફેસર ડો. સચિન પીઠડીયાનું વિશેષ સન્માન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૦

એન.ડી.સી. નેશન ડેવલોપમેન્ટ ક્રિયેશનનાં તારીખ ૧ ઓગસ્ટ ૨૦૨૪ નાં રોજ ૧૧ વર્ષ પુર્ણ કરી ૧૨માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમીતે માંગરોળ નિવાસી એવા આસી. પ્રો. ડો. સચિન જે. પીઠડીયા સમાજશાસ્ત્ર વિષયમાં જી.પી.એસ.સી ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ની પરિક્ષામાં ઉત્તીર્ણ થતાં એન.ડી.સીનાં સ્થાપક અને ગુજરાતનાં જાણિતા મોટીવેશનલ સ્પીકર એવા જયેશભાઈ વાઘેલા તથા લોહાણા સમાજના અગ્રણી, સેવાભાવી અને પ્રતિષ્ઠિત બિઝનેસમેન એવા જીતુ લાલના હસ્તે મુમેન્ટો આપી વિશેષ સ્નમાન કરવામાં આવ્યું હતું. આ તકે સમગ્ર માંગરોળ તેમજ અલગ અલગ શિક્ષણ સંસ્થાઓમાંથી શુભેચ્છાઓ પાઠવી હતી. એન.ડી. સીમાંથી છેલ્લા ૧૧ વર્ષમાં હજારો વિદ્યાર્થીઓને વર્ગ-૧, ૨ અને ૩ની સરકારી નોકરી મળી છે. આજના ડીજીટલ યુગમાં નજીવા દરે ઉતમ પ્લેટફોર્મ સરકારી નોકરીની સ્પર્ધાતમક પરિક્ષા માટે યુવા વર્ગને પુરૂ પાડયું છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ઇ-ટેન્ડર આમંત્રણ સૂચના**

**ઈ-ટેન્ડર સૂચના નં. 11 વર્ષ 2024-25 તારીખ 31.07.2024, (1) ઈ-ટેન્ડર નં. DYCE-BR-ADI-11-2024-25, કામનું નામ:** ભાવનગર ડિવિઝનના સિનિ. સેક્શન એન્જિનિયર (બ્રિજ) ભાવનગરના અધિકારક્ષેત્ર હેઠળ વર્ષ 2024-25 માટે વિવિધ બ્રિજીસ અને ROB's ના સામાન્ય સમારકામ અને સુનિશ્ચિત જાળવણી માટે ઝોન કામ. **અંદાજિત એનઆઇટી ખર્ચ:** ₹ 40,37,467.33/-; **બિડ સિક્યોરિટી કોસ્ટ / ઇએમડી:** ₹ 80,800.00/- **(2) ઈ-ટેન્ડર નં. DYCE-BR-ADI-12-2024-25, કામનું નામ:** ભાવનગર ડિવિઝનના સિનિ. સેક્શન એન્જિનિયર (બ્રિજ) જૂનાગઢના અધિકારક્ષેત્ર હેઠળ વર્ષ 2024-25 માટે વિવિધ બ્રિજીસ અને ROB's ના સામાન્ય સમારકામ અને સુનિશ્ચિત જાળવણી માટે ઝોન કામ. **અંદાજિત એનઆઇટી ખર્ચ:** ₹ 47,48,046.60/-; **બિડ સિક્યોરિટી કોસ્ટ / ઇએમડી:** ₹ 95,000.00/- **ઉપરોક્ત ટેન્ડરો માટે: ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 27.08.2024 ના 15:00 કલાકે. **ઓફિસનું સરનામું:** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા નરોડા રોડ, અમદુપુરા - અમદાવાદ, ગુજરાત - 380 016; ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે **વેબસાઈટ: www.ireps.gov.in** 135

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ઉના અને ગીરગઢડા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચુંટણી યોજાઈ




(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૦

ઉના અને ગીરગઢડા તાલુકા ખરીદ વેચાણ સંઘની ચુંટણી યોજાયેલ હતી તેમાં કુલ ૧૫ ડિરેકટરોની ચુંટણીમાં ૮ ભાજપ પ્રેરીત પેનલ ચુંટાઈ આવી છે. ઉના નગરપાલીકા ભવન ખાતે સરદાર વલ્લાભભાઈ પટેલને ફુલહાર કરવામાં આવ્યા હતા. આ તકે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની આગેવાની હેઠળ ભવ્ય વિજય મનાવ્યો હતો. આ તકે હાજર રહેલા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ તેમજ નરસીભાઈ ડોબરીયા, કાળુભાઈ શિયાળ, બાબુભાઈ સોલંકી, શાંતિભાઈ જાગાણી મહમદભાઈ કચરા, મેણશીભાઈ વાળા, પ્રકાશભાઈ ટાંક, સુરેશભાઈ હડીયા સહીતના ડિરેકટરોને ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# સાણંદના જુવાલમાં રસ્તાના અભાવે થાંભલા પરથી ચાલીને ગામ લોકોએ અંતિમયાત્રા કાઢી

અમદાવાદ,તા.૧૦

અમદાવાદના સાણંદમાં રસ્તાના અભાવે ગ્રામજનો થાંભલા પરથી ચાલીને અંતિમ યાત્રાની નનામી લઈને જતા જોવા મળ્યા. આ ચોંકાવનારા દશ્યો સાણંદના જુવાલ ગામેથી સામે આવ્યા છે. રસ્તા પર એટલી હદે કાદવ કિચડ હતુ કે તેના પર ચાલવામાં પણ મોટુ જોખમ ખેડવા જેવુ હતુ.

સ્માર્ટ અને મેટ્રો સિટી સિટી એટલે અમદાવાદ. પરંતુ ગ્રામ્ય વિસ્તારના વિકાસની વાત હોય તો અમદાવાદને અડીને આવેલા સાણંદના જુવાલ ગામના આ દ્રશ્યો ચોંકાવનારા છે. રસ્તાના વાંકે ગ્રામજનોનો વીજળીના થાંભલા પરથી ચાલીને અંતિમયાત્રા કાઢવી પડે છે. થોડા દિવસ પહેલા, વાલ્મિકી પરિવારના વ્યક્તિનું મૃત્યુ થતા કેનાલ પર મૂકેલા લાઈટના થાંભલા પરથી મહામુસીબતે નનામી લઈ જવાઈ. એટલું જ નહીં, આગળ તો કાદવ અને કીચડનું સામ્રાજ્ય. દ્રશ્યોમાં જોઈ શકાય છે કે, અહીંના ગ્રામજનોને અંતિમયાત્રા માટે પણ સંઘર્ષ કરવો પડે છે. વ્યક્તિના જીવનના અંતિમમાર્ગે જવા માટે પણ માર્ગ નથી. જેને લઈ ખૂબ હાલાકી ભોગવવી પડે છે. ચોમાસામાં તો વાત જ ના પૂછો એટલી ગંભીર પરિસ્થિતિ સર્જાય છે. અંતિમયાત્રા દરમિયાન સ્વજને વીડિયો ઉતારીને સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો ત્યારે, સમસ્યા ઉજાગર થઈ.

# જૂનાગઢ તાલુકાનાં વાલાસીમડી ખાતે ખનીજચોરી ઝડપાઈ : 3 સામે ફરીયાદ : રૂા. 3 લાખનો દંડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ તાલુકાના વાલાસીમડી નજીક ખાણખનીજ વિભાગે ખનીજચોરી ઝડપી લઈ ૩ સામે નામજોગ ફરીયાદ નોંધાવતા જૂનાગઢ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકાનાં વાલાસીમડી નજીક ખનીજ ચોરી થતી હોવાની ફરીયાદનાં આધારે પ્રાંત અધિકારીએ ખાણ ખનીજ વિભાગ, મામલતદારને સુચના આપી હતી. જેના અનુસંધાને ખાણ ખનીજ વિભાગનાં સ્ટાફે વાલાસીમડી રોડ પર એક ડમ્પરને રોકી તપાસ કરતા તેમાં સોફટ મોરમ ભરેલી હતી. અને રોયલ્ટી ભરી ન હતી. ડમ્પરમાં આગળનાં ભાગે નંબર પ્લેટ પણ ન હતી. તેમજ તાલપત્રી પણ ન હતી. ડ્રાઈવરની પુછપરછ કરતા તેણે આ ખનીજ વાલાસીમડી નજીક તળાવમાંથી કારાભાઈ થોભણ કટારાના કહેવાથી ભર્યાનું જણાવ્યું હતું. તળાવ ખાતે તપાસ કરતાં ત્યાં એક હીટાચી મશીન મળ્યું હતું. તેના હિસાબની ડાયરી કબ્જે કરવામાં આવી હતી. ખાણ ખનીજ વિભાગે આ ખનીજ ચોરી અંગે રૂા. ૩ લાખનો દંડ કર્યો હતો. આ અંગે ભવદીપ ડોડીયાએ અમરસિંહ, અમરત પાલ, રામ બધા રાઠોડ અને કારા થોભણ કટારા સામે ફરીયાદ નોંધાવી સ્થળ પર માપણી શરૂ કરવા તજવીજ હાથ ધરી હતી. આથી તાલુકા પોલીસે બીએનએસ ક. ૩૦૩ (૨), ૫૪, માઈન્સ એન્ડ મીનરલ એકટ ૧૯૫૭ ક. ૪ (૧), ૪ (૧) (એ), ૨૧ તથા ગુજરાત મીનરલ્સ પ્રીવેનશન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટ એન્ડ સ્ટોરેજ રૂલ્સ ૨૦૧૭ના નિયમ ૩ તથા ૧૨ તથા ૨૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ જુના તાલુકાનાં પીએસઆઈ ડી.કે. સરવૈયા ચલાવી રહયા છે.

# જૂનાગઢ, શીલ, માળીયા હાટીનામાં જુગાર દરોડા : ૨૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

જૂનાગઢ સહિત જીલ્લાભરમાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેમ ગઈકાલે જૂનાગઢના લીરબાઈ પરા વિસ્તાર, શીલના વિરોલ, વાડલા અને મેખડી તેમજ માળીયા હાટીનાના લાડુડી ગામે પોલીસે ૨૮ જેટલા પતાપ્રેમીઓને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસે લીરબાઈ પરા વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા સંજય બાબુભાઈ ભુવા, નિખીલ વિનોદભાઈ સરવૈયા, વિજય બાલાજી પઢીયાર, રણજીત મનસુખભાઈ મકવાણા, ભીખાભાઈ નાથાભાઈ ચાવડા, હુશેન કરીમભાઈ બ્લોચ, કરશનભાઈ અરજણભાઈ દાસા, દિવ્યેશ કાળાભાઈ તરખાલા, મેણંદભાઈ ભોજાભાઈ પરમાર, રમેશ જેસીંગભાઈ વાઘેલા, ભાવેશ જગદીશભાઈ સોનરાત અને ધાના ઉર્ફે ભોલા કિશાભાઈ ગરચરને ૩૬૯૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી સી ડીવીઝન પોલીસ મથકે જુગાર ધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.

જયારે શીલ પોલીસે વિરલ ગામમાં જાહેરમાં જુગાર રમતા પ્રકાશ ઉર્ફે પકો ગોકળ તન્ના, મુકેશભાઈ વિરમભાઈ ડાકી, અબ્દુલ ઈસ્માઈલ બાબરા અને જયેશભાઈ એભાભાઈ બાલસને ૫૨૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે જેસીંગભાઈ ચીનાભાઈ બાલસ નાસી છુટતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તેવી જ રીતે શીલ પોલીસે વાડલા ગામેથી રાકેશભાઈ કાંતીભાઈ પરમાર, સુનીલભાઈ સુરેશભાઈ પરમાર, રાહુલભાઈ હેમંતલાલ માવદીયાને જાહેરમાં જુગાર રમતા ૨૧૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી કાર્યવાહી કરી છે. જયારે અન્ય બનાવમાં શીલ પોલીસે મેખડી ગામેથી મેરખીભાઈ પાંચાભાઈ ચાવડા, અરજણભાઈ વિરમભાઈ ચાવડા, વશરામભાઈ લીલાભાઈ ગરેજા, રાજેશ ઉર્ફે રાજુ ગગાભાઈ બારૈયાને જાહેરમાં જુગાર રમતા ૯૧૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી છે. તેમજ માળીયા હાટીના પોલીસે લાડુડી ગામે જાહેરમાં જુગાર રમતા રામશીભીઈ દાનાભાઈ વાઢેર, ચંદુભાઈ ભીખાભાઈ જોરા, રમેશભાઈ ભુરાભાઈ વાઢીયા, રામભાઈ કાનાભાઈ રાઠોડને ૧૨૨૮૦ના મુદ્દામાલ સાથે ઝડપી માળીયા હાટીના પોલીસ મથકે કાર્યવાહી કરી છે. આમ તમામ સામે જુગારધારા અંતર્ગત કાર્યવાહી હાથ ધરાઈ છે.

# નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત જનજાગૃત્તિના કાર્યક્રમો યોજાશે

જૂનાગઢ, તા.૧૦

નશીલા પદાર્થો, માદક દ્રવ્યોના દુરૂપયોગ અને તેની ખરાબ અસરો જોવા મળે છે. નશીલા પદાર્થો, માદક દ્રવ્યોની માંગ ઘટે તે માટે જનજાગૃત્તિના કાર્યક્રમો યોજાશે. નશીલા પદાર્થો, માદક દ્રવ્યોના ઉપયોગ કરનારની સારવાર અને તેના પુનર્વસન, તેમનામાં ક્ષમતાનું નિર્માણ વગેરે માટે શ્રેણીબધ્ધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.૭૮મા સ્વતંત્રતા દિવસે, નશામુક્ત ભારત અભિયાનને પાંચ વર્ષ થશે. આ વર્ષે NMBA ઉજવણીની થીમ વિકસિત ભારત કા મંત્ર, ભારત હો નશે સે સ્વતંત્ર છે. DoSJE નવી દિલ્હી દ્વારા ડ્રગ્સ સામે દેશવ્યાપી સામૂહિક પ્રતિજ્ઞા તા.૧૨ ઑગસ્ટ ૨૦૨૪ ના રોજ સવારે ૯ વાગ્યે એન્જિનિયરિંગ અને મેડિકલ કૉલેજ સહિત તમામ શાળાઓ, કૉલેજો, યુનિવર્સિટીઓને IIMS, IITS, પોલીટેકનિક કોલેજો, ફેશન ડિઝાઈન સંસ્થાઓ અને અન્ય જાહેર સંસ્થાઓમાં આયોજન છે. આ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિવિધ વિસ્તારો, પ્રખ્યાત જાહેર સ્થળોએ સામાજિક સાંસ્કૃતિક રમત-ગમતની પ્રવૃત્તિઓ જોડાશે. નશામુકત પ્રતિજ્ઞા લેવામાં આવશે, તેમ નોડલ ઓફિસર નશામુકત ભારત અભિયાન કમિટી અને જૂનાગઢ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જૂનાગઢ નજીક મોટર સાયકલ અથડાતા મણકામાં ઈજા થયાની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા

જૂનાગઢ તા. ૧૦

જૂનાગઢનાં ખામધ્રોળ રોડ પર રહેતા મુસ્તાકભાઈ દોસમહમદભાઈ ખેંભર (ઉ.વ. ૪૫) પોતાનું હીરો હોન્ડા સ્પેલેન્ડર મોટર સાયકલ નં. જીજે-૧૧-સીજે ૪૨૧૦નું લઈને જૂનાગઢથી જેતપુર જતાં હતાં ત્યારે અશાયબાપીરની દરગાહ પાસે કોઈ અજાણ્યા મોટર સાયકલ સવારે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હડફેટે લેતાં કમરના મણકાના ભાગે મુંઢ ઈજા કરી નાસી ગયાની જુના તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાવતા એએસઆઈ એમ.બી. મકવાણાએ તપાસ હાથ ધરી છે.

## વંથલી-માણાવદર રોડ પર બાઈક સવારે મોપેડને હડફેટે લેતા એકનું મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

વંથલીથી માણાવદર જતા રોડ પર ઘંટીયા ફાટક નજીક બાઈક ચાલકે મોપેડ સવારને હડફેટે લેતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું વંથલી પોલીસમાં નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે વિજયભાઈ રણમલભાઈ વદરે બાઈક નં.જીજે-૧૧-બીપી-૪૨૮૫ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી મોટર સાયકલ બેફીકરાયથી ચલાવી ફરીયાદીના ભાઈ પ્રતાપભાઈ ઉર્ફે ભોલો રણમલભાઈ વદરની એકટીવા સાથે ભટકાવી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવ્યા અંગેની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માંગરોળમાં યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

માંગરોળના બંદર વિસ્તારમાં રહેતા યુવાને આર્થીક સંકળામણના લીધે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું માંગરોળ પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માંગરોળ પોલીસ મથકે જીગ્નેશભાઈ અરજનભાઈ સુખડીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક ભાઈ આશિષભાઈ(ઉ.વ.૩૨)વાળાએ આર્થિક મુંઝવણને લીધે પોતાની ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

## માંગરોળમાં દરીયામાં માછીમારી કરવા જતાં ત્રણ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૦

શેરીયાજ બારા દરીયા કાંઠે મોનસુન સીઝનનાં કારણે દરીયામાં માછીમારી કરવા નહી જવા માટેની સુચના હોવા છતાં માછીમારી કરવા જનાર અશરફ લુચાણી, સબીર લુચાણી અને ઈબ્રાહીમ લુચાણી (રહે. બધા માંગરોળ)ને માંગરોળ મરીન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩" (N.F.S.A.)
હેઠળ સમાવિષ્ટ ૭૪ લાખથી વધુ રેશન કાર્ડ ધારક
કુટુંબોની ૩.૬૦ કરોડ જનસંખ્યાને

PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ઑગસ્ટ – ૨૦૨૪ માસના ઘઉં, ચોખા, બાજરી અને જુવારના
વિનામૂલ્યે વિતરણની જાણકારી


| ક્રમ | અનાજ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૫ | બાજરી | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ (વડોદરા સિવાય) |
| ૬ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |
| ૭ | જુવાર | અંત્યોદય કુટુંબો(AAY) | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા. | વડોદરા |
| ૮ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિ દીઠ ૧ કિ.ગ્રા. | |


રાજ્ય સરકારની ચણા, તુવેરદાળ, ખાદ્યતેલ, ખાંડ અને મીઠાના
રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી


| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ (ઉપલબ્ધિ મુજબ) | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા. ₹ |
|---|---|---|---|---|
| ૧ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૨ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૩ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે ખાદ્ય તેલ (સીંગતેલ) | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ લિ.પાઉચ | ૧૦૦ |
| ૪ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૫ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૬ | જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે વધારાની ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧૫ |
| ૭ | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૨૨ |
| ૮ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |


ઑગસ્ટ – ૨૦૨૪ માસનું વિતરણ
તારીખ ૦૧/૦૮/૨૦૨૪ થી ૩૧/૦૮/૨૦૨૪ સુધી ચાલુ રહેશે.
લાભાર્થી પુરવઠાને લગતી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
Dr. Dhaval Sanghavi's Immunita Plus
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...